પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૪૫ કુલ પાના : ૪ તારીખ :૧૩-૧૦-૨૦૨૬ મંગળવાર કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિકઃ કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તલાવ રોર્ડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મોઃ૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# જંતર-મંતર પર હવે વિરોધ પ્રદર્શન નહીં થાયઃ તેના સ્થાને ત્રણ નવા સ્થળો નક્કી કરવામાં આવ્યા છે, દિલ્હી પોલીસે આદેશ જારી કર્યો

## દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી મેદાન અને સીબીડી મેદાનને નવા સ્થળો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

નવીદિલ્હી

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન અને ધરણા માટેના સ્થળો અંગે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના નવા આદેશ અનુસાર, જંતર-મંતરને હવે વિરોધ સ્થળ તરીકે માન્યતા આપવામાં આવી નથી. તેના બદલે, પૂર્વ દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડને નવા વિરોધ સ્થળો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો અંગે ચર્ચા ચાલી રહી છે.

આ માહિતી દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા જારી કરાયેલ સ્ટેન્ડિંગ ઓર્ડર નંબર એલએન્ડઓ/૪૮/૨૦૨૬ માં આપવામાં આવી છે. આદેશ અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નાગરિકોના પ્રદર્શન અને વિરોધ કરવાના અધિકારને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક સ્થળો ઓળખવા માટે એક સમિતિની રચના કરી હતી. સમિતિને હાલના નિયુક્ત સ્થળના વિકલ્પો શોધવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેની ભલામણોના આધારે, જંતર-મંતરને વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે.દિલ્હી પોલીસના આદેશમાં જણાવાયું છે કે આ ત્રણેય સ્થળોએ



વિરોધ પ્રદર્શનો કરવા માટે વિગતવાર અને સુધારેલા માનક સંચાલન પ્રક્રિયાઓ અલગથી જારી કરવામાં આવશે. આનો અર્થ એ છે કે વિરોધ પ્રદર્શનો યોજવા માટેની પ્રક્રિયા અને સંબંધિત માર્ગદર્શિકા અંગેની માહિતી પછીથી આપવામાં આવશે. આ આદેશ હાલમાં નવા નિયમોની સંપૂર્ણ વિગતો પ્રદાન કરતો નથી. તેથી, વિરોધ પ્રદર્શનો કરવા માટેની શરતો, પરવાનગી મેળવવા માટેની પ્રક્રિયા અને અન્ય વ્યવસ્થાઓ અંગે સ્પષ્ટ માહિતી અલગ આદેશ જારી કર્યા પછી જ ઉપલબ્ધ થશે.

દિલ્હી પોલીસનો આ આદેશ ૨૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલ સ્ટેન્ડિંગ ઓર્ડરમાં આંશિક રીતે સુધારો કરે છે. નવા આદેશમાં જંતર-મંતરને વિરોધ સ્થળ તરીકે દૂર કરવામાં આવ્યું છે અને ત્રણ નવા સ્થળોને નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા માટે સુધારેલા એસઓપી પછીથી જારી કરવામાં આવશે. આ આદેશ પર દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ ફેરફાર સાથે, દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરવા માટે નિયુક્ત સ્થળોની સૂચિ બદલાઈ ગઈ છે. આ આદેશ હેઠળ જંતર-મંતર હવે નિયુક્ત વિરોધ સ્થળ રહેશે નહીં. તેના બદલે, પૂર્વ દિલ્હીમાં રામલીલા મેદાન, બુરારી મેદાન અને સીબીડી ગ્રાઉન્ડને નવા સ્થળો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જો કે, આ સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા માટે લાગુ પડતી વિગતવાર પ્રક્રિયાઓ અને શરતો સુધારેલા એસઓપી જારી થયા પછી જાણી શકાશે. આ આદેશમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ફેરફારો અગાઉના આદેશનો આંશિક સુધારો છે.

એ નોંધવું જોઈએ કે દિલ્હીમાં જંતર-મંતરને દેશમાં વિરોધ પ્રદર્શનો, ધરણા અને જાહેર આંદોલનોના મુખ્ય કેન્દ્રોમાંનું એક માનવામાં આવે છે. રાજકીય પક્ષો, સામાજિક સંગઠનો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય જૂથો વિવિધ મુદ્દાઓ પર અહીં પોતાની માંગણીઓ ઉઠાવતા રહ્યા છે. સંસદ અને મુખ્ય કેન્દ્ર સરકારની સંસ્થાઓની નજીક સ્થિત, આ સ્થળ રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓ માટે વિશેષ મહત્વ ધરાવે છે. દેશભરમાંથી વિરોધીઓ પોતાનો અવાજ ઉઠાવવા માટે અહીં આવ્યા છે. હવે, સરકારે આ સ્થાન પર વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ મૂક્યો છે.

એ નોંધવું જોઈએ કે દિલ્હીનું જંતર મંતર કનોટ પ્લેસની નજીક આવેલું છે. તે સંસદ માર્ગ પર આવેલું છે. સંસદ અને મુખ્ય કેન્દ્ર સરકારની સંસ્થાઓની નજીક હોવાને કારણે, જંતર મંતરથી વિરોધ પ્રદર્શન ઘણીવાર દેશની રાજનીતિ અને રાષ્ટ્રીય ચર્ચાનો ભાગ બની જાય છે. દિલ્હી પોલીસના આદેશ મુજબ, વિરોધ પ્રદર્શન માટે હવે નિયુક્ત કરાયેલા ત્રણ નવા સ્થળો દિલ્હીના મધ્ય વિસ્તારથી દૂર છે.

# વરસાદની ૩૫% ખાધથી કચ્છમાં કપરી સ્થિતિ, ૨૫૦થી વધુ માલધારીઓની સુરેન્દ્રનગર તરફ હિજરત

સુરેન્દ્રનગર

સમગ્ર ગુજરાત રાજ્યમાં વરસાદની ઘટની અસર હવે જોવા મળી રહી છે, ત્યારે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારમાં ૩૫% જેટલા વરસાદની ખાધ છે. જેને લઈને માલધારીઓ, પશુપાલકો અને ખેડૂતોની ચિંતા સૌથી વધુ દેખાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા પણ કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી હોવાની સ્પષ્ટ જાહેરાત કરી દેવામાં આવી છે.

પરિસ્થિતિ એ છે કે સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની ઘટ હોવાના કારણે ખેતીને તો નુકસાન છે જ, પરંતુ માલ-ઢોર સાચવવા હવે માલધારીઓ માટે પડકારજનક પરિસ્થિતિ બની છે. માલ-ઢોરના જીવ સાચવવા માટે હવે માલધારીઓ હિજરત કરવા લાગ્યા છે. કચ્છમાં વરસાદ ૩૫% જેટલો ઓછો પડ્યો છે, ત્યારે કચ્છના માલધારીઓ હવે પોતાના માલ-ઢોર લઈને સૌરાષ્ટ્ર તરફ વળ્યા છે. કચ્છથી પોતાના માલ-ઢોર સાથે ચાલીને અને પોતાની થોડી જીવન જરૂરિયાતની વસ્તુઓ લઈને સૌરાષ્ટ્ર તરફ આવવા માટે નીકળ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લો કેનાલની સુવિધા ધરાવતો જિલ્લો હોવાના કારણે હજુ આ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા થોડી ઓછી છે. નર્મદાની કેનાલો હાલ ચાલુ કરવામાં આવી છે, તેને લઈને સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા અત્યાર સુધી ઊભી નથી થઈ. પરંતુ જિલ્લામાં પણ ૨૫% જેટલા વરસાદની ખાધ છે, ત્યારે આગામી સમયમાં ઉનાળો અને શિયાળો કાઢવો કઠિન છે. હવે કચ્છના માલધારીઓ સુરેન્દ્રનગર જિલ્લામાં આવીને વસાહત કરવા લાગ્યા



છે.સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના માલવણ, બજાણા, અખીયાણા, પીપળી, ગેડિયા, ખેરવા સહિતની અલગ અલગ સીમના ગૌચરોની જમીનોમાં અને વાવેતર વગરના ખેતરોમાં માલ-ઢોરને લઈને તંબુ બાંધીને વસવાટ કરવા લાગ્યા છે.

કચ્છની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. ૩૫ ટકા જેટલા વરસાદની ઘટ છે, પીવા માટે પાણી નથી, માલ-ઢોરને ખવડાવવા માટે ઘાસચારો નથી. ત્યારે માલધારીઓ પોતાના માલ-ઢોર અને બાળ-બચ્ચાને સાચવી રાખવા માટે હવે સુરેન્દ્રનગર જિલ્લામાં વસાહત કરવા લાગ્યા છે અને કચ્છથી હિજરત કરીને જિલ્લામાં ધામા નાખીને વસવાટ શરૂ કર્યો છે. ૨૫૦થી વધુ પરિવારજનોની હાલ કચ્છના અલગ અલગ તાલુકાઓમાંથી હિજરત થઈ છે અને સુરેન્દ્રનગરના પાટડી અને આજુબાજુના વિસ્તારમાં આવીને વસવાટ કરવા લાગ્યા છે. જોકે સ્થાનિક લોકો અને ખેડૂતો દ્વારા પણ તેમને ખૂબ સહકાર આપવામાં આવી રહ્યો છે. પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા, રહેવા-જમવા અને માલ-ઢોર સાચવવા માટે જમીન પણ આપવામાં આવી રહી છે. ખેડૂતો દ્વારા જે ખેતરોમાં વાવેતર નથી કરવામાં આવ્યા ત્યાં જ તેમને રાખીને તેમના માલ-ઢોર અને બાળ-બચ્ચાં સચવાઈ રહે તે પ્રકારના પ્રયત્નો સુરેન્દ્રનગરના ખેડૂતો દ્વારા પણ હાથ ધરવામાં આવ્યા છે.પરિસ્થિતિ ખૂબ ગંભીર છે, ત્યારે કચ્છમાંથી હિજરત શરૂ થઈ ગઈ છે. કચ્છના ગામડાઓ હવે ખાલી થઈને સુરેન્દ્રનગરમાં આવી રહ્યા છે. ૫,૦૦૦થી વધુ માલ-ઢોર સાથે કચ્છના ૨૫૦થી વધુ પરિવારજનો વસવાટ કરવા લાગ્યા છે, પરંતુ સરકાર દ્વારા હજુ સુધી દુષ્કાળગ્રસ્ત તાલુકાઓ અને જિલ્લાઓની યાદી જાહેર નથી કરવામાં આવી. એક બાજુ વરસાદ નથી, બીજી બાજુ જળાશયો ખાલી છે. હજુ આઠ મહિના જેટલો સમય કાઢવાનો છે, ત્યારે સરકાર હવે કેટલ કેમ્પ ખોલીને માલ-ઢોર સાચવવા માટેનું ઘાસ વિતરણ કરે તેવી માંગ માલધારીઓએ કરી છે.કચ્છ તાલુકાના લખપત ગામના માલધારી હાજી ખાન મહંમદ સાથે વાત કરવામાં આવતા તેમના દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમારી પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. સરકારે કેટલ કેમ્પ અત્યારે ખોલવા જોઈએ. ગામડાઓ ખાલી થઈ રહ્યા છે, ઢોર અને માલને પીવડાવવાનું પાણી નથી. ત્યારે આંખ સામે માલ-ઢોરના મોત થઈ રહ્યા છે.પછી ૨૦૦ કિલોમીટર દૂર સુરેન્દ્રનગરના પાટડીના આજુબાજુના ગામડામાં ૨૫૦થી વધુ પરિવારજનો વસવાટ કરી રહ્યા છે. તેમના ૫ હજાર જેટલા માલ-ઢોર છે. આજુબાજુના ખેતરોના ખેડૂતો માલ-ઢોરને ચરવા દે છે એટલે તે જીવતા છે, પરંતુ ૮ મહિના કાઢવા ખૂબ કઠિન છે. સરકાર માત્ર વાતો કરે છે, કોઈપણ પ્રકારની સહાય કે કોઈ પણ પ્રકારનું પ્રોત્સાહન ગામડા સુધી મળ્યું નથી. વરસાદની અછત છે ત્યારે હવે પરિસ્થિતિ ગંભીર છે. બાળ-બચ્ચાને ખાવા માટે પૂરતું ભોજન નથી. માલ-ઢોર સાચવવા માટે ૨૫૦ કિલોમીટર દૂર સુરેન્દ્રનગરમાં આવવું પડ્યું છે. ત્યારે હવે સરકાર સામું જોવે અને ખરેખર દુષ્કાળગ્રસ્ત તાલુકાઓ અને જિલ્લાઓ જાહેર કરીને સહાયની રકમ ચૂકવે અને માલ-ઢોર માટે ઘાસ-પાણીની વ્યવસ્થા કરે તેવી માંગ કરવામાં આવી છે. હાલ કચ્છના લખપત, ભેંખડા સહિતના તાલુકાઓના માલધારીઓ સુરેન્દ્રનગરમાં આવી વસવાટ કરવા લાગ્યા છે. ત્યારે મહેબૂબભાઈ જત કે જે પોતે કચ્છ તાલુકાના ભેંખડા ગામના માલધારી છે તેમના દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૮માં પણ આ પરિસ્થિતિ થઈ હતી અને પાટડી સહિતના આજુબાજુના ગ્રામીણ વિસ્તારોમાં અમે પોતાના માલ-ઢોર સાથે આવ્યા હતા અને ત્યાં પડાવ નાખ્યો હતો. ચાર મહિના જેટલો સમય આજુબાજુના ખેડૂતો અને લોકો વચ્ચે પસાર કર્યો હતો. ખૂબ સારો સહકાર મળ્યો હતો.પરંતુ હવે ૩૫ ટકા જેટલા વરસાદની ઘટ છે, ત્યારે ચાલુ વર્ષે ૮ મહિનાનો સમય કાઢવાનો છે.

# ભરૂચઃ રજવાડી ચાની દુકાનના સંચાલક પાસેથી અફીણ ઝડપાયું, એસઓજીની કાર્યવાહી

ભરૂચ

ભરૂચના જંબુસર બાયપાસ ચોકડી પાસે આવેલી રજવાડી ચાની ફ્રેન્ચાઈઝીના સંચાલક પાસેથી ભરૂચ એસઓજીની ટીમે ૯૬ ગ્રામ અફીણ ઝડપી પાડ્યું છે. પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન અંદાજે ૪૮ હજારની કિંમતનું અફીણ મળી આવતાં સંચાલકની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતે લાંબા સમયથી અફીણનો બંધાણી હોવાનું અને પોતાના ઉપયોગ માટે અફીણ લાવ્યો હોવાનું જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, ભરૂચના જંબુસર બાયપાસ ચોકડી પાસે આવેલા મોહમદી કોમ્પ્લેક્ષમાં રજવાડી ચાની ફ્રેન્ચાઈઝી ચાલે છે. આ દુકાનના સંચાલક નરેશ તાજેત પાટીદાર, જે મૂળ રાજસ્થાનનો વતની હોવાનું જાણવા મળ્યું છે, તેની પાસે અફીણ હોવાની બાતમી ભરૂચ એસએજીની ટીમને મળી હતી.

બાતમીના આધારે એસઓજીની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ચાની દુકાનના ઉપરના ભાગે આવેલા રૂમમાં સંચાલક રહેતો હતો. ટીમે ત્યાં તપાસ કરતાં તેની પાસેથી ૯૬ ગ્રામ અફીણ મળી આવ્યું હતું. આ અફીણની કિંમત અંદાજે ૪૮ હજાર આંકવામાં આવી છે. ત્યારબાદ પોલીસે અફીણ જપ્ત કરી સંચાલકને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલા નરેશ તાજેત પાટીદારની પૂછપરછ દરમિયાન તેણે પોતે લાંબા સમયથી અફીણનું સેવન કરતો હોવાનું જણાવ્યું હતું. તેણે અફીણ પોતાના ઉપયોગ માટે લાવ્યો હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, તે અફીણ ક્યાંથી લાવ્યો હતો અને કોની પાસેથી મેળવ્યું હતું તે અંગેની તપાસ હજુ ચાલુ છે.

અફીણનો જથ્થો ક્યાંથી આવ્યો, તેની પાછળ કોઈ સપ્લાયર છે કે નહીં અને આ મામલે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતનાં પાસાં તપાસ હેઠળ છે. પોલીસ તપાસમાં વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે.



આ કાર્યવાહી વચ્ચે ભરૂચમાં રજવાડી ચાની દુકાનમાં અફીણવાળી ચા પીરસવામાં આવતી હોવાની અફવા પણ ફેલાઈ હતી. જોકે, ઉપલબ્ધ માહિતી મુજબ જીંએની કાર્યવાહી દુકાનના સંચાલકના રૂમમાંથી અફીણ મળી આવવા અંગે હતી. અફીણવાળી ચા વેચાતી હોવાના દાવાને સમર્થન આપતી કોઈ વિગતો સામે આવી નથી.

અફીણ ભેળવેલી ચાને સામાન્ય રીતે 'પોપી ટી' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ આ ઘટનામાં ચામાં અફીણ ભેળવવામાં આવતું હોવાનો દાવો અને સંચાલક પાસેથી અફીણ મળી આવવાની હકીકત બંને અલગ બાબતો છે.હાલમાં એસઓજી દ્વારા અફીણના સ્ત્રોત અને આરોપી સુધી તે કેવી રીતે પહોંચ્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ આ મામલે વધુ વિગતો સ્પષ્ટ થશે. અફીણ ભેળવેલી ચાને સામાન્ય રીતે 'પોપી ટી' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ આ ઘટનામાં ચામાં અફીણ ભેળવવામાં આવતું હોવાનો દાવો અને સંચાલક પાસેથી અફીણ મળી આવવાની હકીકત બંને અલગ બાબતો છે. હાલમાં એસઓજી દ્વારા અફીણના સ્ત્રોત અને આરોપી સુધી તે કેવી રીતે પહોંચ્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ આ મામલે વધુ વિગતો સ્પષ્ટ થશે.

## ખાંડની અછતઃ પાંચ દિવસમાં ભાવમાં ૨૫%નો વધારો

# તહેવારોની મોસમ દરમિયાન ગોળ અને પાવડર પણ ૧૦ થી ૨૦ રૂપિયા મોંઘા

નવીદિલ્હી

તહેવારોની મોસમ દરમિયાન બજારમાં ખાંડની અછતને કારણે મીઠાઈઓ મોંઘી થઈ ગઈ છે. ૫ ઓક્ટોબરથી, મિલોના પુરવઠામાં વિક્ષેપને કારણે, છૂટક બજારમાં ખાંડના ભાવ ૪૮ રૂપિયાથી વધીને ૬૦ રૂપિયા પ્રતિ કિલો થયા છે. દરમિયાન, છેલ્લા દસ દિવસમાં ગોળ અને પાઉડર ખાંડના ભાવમાં પણ ૧૦ રૂપિયા પ્રતિ કિલોનો વધારો થયો છે.

બંનેના ભાવ ૬૦ રૂપિયાથી વધીને ૭૦ થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો થયા છે. નવરાત્રિથી દિવાળી સુધી મીઠાઈઓ અને સ્વાદિષ્ટ વાનગીઓની માંગમાં વધારો થવા વચ્ચે, ભાવ વધારો લોકોના ખિસ્સા પર વધારાનો બોજ નાખી રહ્યો છે. કટરા નાઝ, ગંજ બજાર, જીએમડી રોડ અને ગાંધી નગર સહિત શહેરના વિવિધ બજારોમાં ખાંડ ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે.

વેપારીઓના મતે, જથ્થાબંધ બજારમાં ખાંડની ૫૦ કિલોની થેલી ૨,૯૦૦ માં ઉપલબ્ધ છે. પરિવહન, અન્ય ખર્ચ અને નફાને ઉમેર્યા પછી, છૂટક ભાવ પ્રતિ કિલો ૬૦ પર પહોંચી ગયો છે. પાંચ દિવસમાં ખાંડના ભાવમાં ૨૫%નો વધારો થયો છે. ખાંડની સાથે, ગોળ અને પાઉડર ખાંડના ભાવમાં પણ વધારો થયો છે.

વેપારીઓના જણાવ્યા મુજબ, દસ દિવસ પહેલા ગોળ અને પાઉડર ખાંડ ૬૦ પ્રતિ કિલો વેચાતી હતી, જ્યારે હવે પાઉડર ખાંડ ૭૦ અને ગોળ ૭૦ થી ૮૦ પ્રતિ કિલો વેચાઈ રહી છે. તહેવારો દરમિયાન મીઠાઈઓ અને ઘરે બનાવેલા ભોજન માટે ખાંડનો વપરાશ વધે છે. પરિણામે, ભાવ વધારો ગ્રાહકોના ખર્ચમાં વધારો કરી રહ્યો છે.

ખાંડના વેપારી રાજેન્દ્ર વર્માના જણાવ્યા અનુસાર, ૫ ઓક્ટોબરથી ખાંડ મિલો ખાંડ સપ્લાય કરી રહી નથી. ન તો વેચાણ માટે ખાંડ ઉપલબ્ધ છે અને ન તો કિંમતો જાહેર કરવામાં આવી રહી છે. જથ્થાબંધ વેપારીઓને વોટ્સએપ દ્વારા આ અંગે જાણ કરવામાં આવી છે. પુરવઠામાં વિક્ષેપને કારણે બજારમાં ખાંડના ભાવમાં વધારો થયો છે.વેપારીઓનું કહેવું છે કે સામાન્ય સમયની તુલનામાં તહેવારો દરમિયાન ખાંડની માંગ વધે છે. આ સમય દરમિયાન પુરવઠામાં વિક્ષેપ બજાર પર દબાણ લાવી રહ્યો છે. ભાવમાં સતત વધઘટ અને વ્યવસાયિક મુશ્કેલીઓને કારણે કેટલાક દુકાનદારોએ ખાંડનું વેચાણ બંધ કરવાની ધમકી પણ આપી છે.

શેરડી વિભાગના ડેપ્યુટી કમિશનર હરપાલ સિંહે જણાવ્યું હતું કે વિભાગમાં ૨૩ ખાંડ મિલો છે, જેમાં કુલ ૧૮.૩૫ લાખ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક છે. જિલ્લા માર્કેટિંગ અધિકારી વિનીતા મિશ્રાએ જણાવ્યું હતું કે ખાંડના ભાવમાં વધારા અંગે ફરિયાદો મળી છે. કાળાબજારને રોકવા માટે ડીલરોના સ્ટોકનું નિરીક્ષણ કરવામાં આવશે.

વેપારીના જણાવ્યા અનુસાર જથ્થાબંધ બજારમાં ૫૦ કિલોની ખાંડની થેલી ૨,૯૦૦ રૂપિયામાં ઉપલબ્ધ છે. તહેવારો દરમિયાન વેચાણ વધે છે. ભાવમાં વધારો થવા છતાં, માંગ મજબૂત રહે છે. છેલ્લા અઠવાડિયામાં ખાંડના ભાવમાં વધારો થયો છે. હાલમાં, ખાંડ ૬૦ રૂપિયા અને ગોળ ૭૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહી છે. દસ દિવસ પહેલા, ગોળ ૬૦ રૂપિયા પ્રતિ કિલો હતો. છૂટક બજારમાં ખાંડ ૬૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહી છે. ગોળના ભાવ પણ ૭૦ થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. જથ્થાબંધ બજારમાં પણ, ખાંડ વધેલા ભાવે ઉપલબ્ધ છે.ખાંડના ભાવમાં સતત વધઘટને કારણે વ્યવસાય કરવો મુશ્કેલ બની રહ્યો છે. તેથી જ અમે ખાંડ વેચવાનું બંધ કરી દીધું છે.

# મેડિકલ એડમિશન કૌભાંડનો આક્ષેપ, ડમી ઉમેદવારોથી બેઠકો રોકી, ૨૫ લાખમાં વેચાતી હોવાનો દાવો

અમદાવાદ

ગુજરાતમાં મેડિકલની બેઠકો મેળવનારા ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલા કાઉન્સેલિંગના બીજા રાઉન્ડ પછી પણ પોતાનું એડમિશન કન્ફર્મ કર્યું નથી. મેડિકલ પ્રવેશ પ્રક્રિયા પર નજર રાખતા અધિકારીઓના જણાવ્યા અનુસાર એજન્ટો આવી ખાલી પડેલી બેઠકોનો લાભ ઉઠાવે છે. દાખલા પ્રમાણે એજન્ટોનું એક નેટવર્ક મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો અપાવવાના બદલામાં રૂ. ૧૫ લાખથી રૂ. ૨૫ લાખ સુધીનું કમિશન લેવાની ખાતરી આપે છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર એજન્ટો બેઠકો રોકીને મેરિટ સાથે ચેડાં કરે છે અને લાયક ઉમેદવારો માટે પ્રવેશ મેળવવો મુશ્કેલ બનાવે છે. ઓછું મેરિટ ધરાવતા વિદ્યાર્થીઓને ભારે ફી વસૂલીને આવી બેઠકો અપાવવામાં આવે છે. એક કિસ્સામાં મધ્ય ગુજરાતની એક મેડિકલ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટા હેઠળ કન્ફર્મ એડમિશન અપાવવા માટે અમદાવાદના એક એજન્ટે કથિત રીતે રૂ. ૧.૪ કરોડની માગણી કરી હતી. આ મામલાથી પરિચિત એક સૂત્રના જણાવ્યા અનુસાર આ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટાની વાર્ષિક ફી રૂ. ૨૩ લાખ છે અને પાંચ વર્ષના અભ્યાસક્રમની કુલ ફી રૂ. ૧.૧૫ કરોડ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બાકીના રૂ. ૨૫ લાખ એજન્ટનું કમિશન છે.

એક અંગ્રેજી અખબારના પત્રકારે ઓછા ગુણ મેળવનારા વિદ્યાર્થીની ઓળખ આપીને સેટેલાઈટ વિસ્તારમાં કાર્યરત એક મધ્યસ્થી એજન્ટનો સંપર્ક કર્યો હતો. વિદ્યાર્થીએ નીટની પરીક્ષામાં ૭૨૦માંથી ૨૩૨ ગુણ મેળવ્યા હોવાનું જણાવ્યું હતું. એજન્ટે મેનેજમેન્ટ ક્વોટાની બેઠક અપાવવા માટે રૂ. ૧.૪ કરોડની માગણી કરી હતી. એજન્ટે જણાવ્યું હતું કે ઓછી ફી ધરાવતી બેઠક ઉપલબ્ધ થાય તો પણ તેનું કમિશન બદલાશે નહીં. એજન્ટે દાવો કર્યો હતો કે ગયા વર્ષે તેણે ઓછામાં ઓછાં ૧૦૦ મેડિકલ એડમિશન અપાવવામાં મદદ કરી હતી. આ કથિત ગેરરીતિની જાણકારી ધરાવતાં સૂત્રોએ જણાવ્યું છે કે એજન્ટો શરૂઆતમાં રૂ. ૫ લાખ એડ્વાન્સ લે છે. ત્યાર બાદ તેઓ ઉમેદવારનું નીટ સ્કોરકાર્ડ, લૉગિન આઈડી અને પાસવર્ડ મેળવીને એડમિશન ફોર્મ પોતે જ ભરે છે.

સૂત્રનાં જણાવ્યા અનુસાર, કેટલાક એજન્ટો એવા એમબીબીએસના ઉમેદવારોની ૨૦૦થી ૪૦૦ જેટલી ડમી અરજીઓ પણ ભરે છે, જેઓ ઊંચી ફીને કારણે અથવા નીટની પરીક્ષા ફરી આપવાની ઈચ્છાને કારણે ચાલુ વર્ષે એડમિશન લેવા માગતા નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે એજન્ટો ડમી વિદ્યાર્થીઓના નામે બેઠકો પર દાવા નોંધાવીને મેરિટ પ્રક્રિયા સાથે ચેડાં કરે છે અને બાદમાં એડમિશન લેતા નથી. આવા કિસ્સાઓમાં બેઠકોની પુનઃફાળવણી થાય છે અને ઓછા ગુણ ધરાવતા ઉમેદવારને મેનેજમેન્ટ ક્વોટાની બેઠક પર પ્રવેશ મેળવવાની તક મળે છે.

સૂત્રોના આક્ષેપ મુજબ, ઘણા વિદ્યાર્થીઓને એ વાતની જાણ પણ હોતી નથી કે એજન્ટોએ તેમના નામે કાઉન્સેલિંગ દરમિયાન બેઠકો પર દાવા નોંધાવ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓને કથિત ગેરરીતિની જાણ હોય તો પણ તેમને સામાન્ય રીતે કોઈ આર્થિક લાભ મળતો નથી, કારણ કે તેમની ભૂમિકા માત્ર થોડા સમય માટે બેઠક રોકી રાખવા પૂરતી હોય છે.

# દિવાળી ટાણે વતન જતા લોકોને રાહતઃ સુરતથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે દોડશે ૯,૧૦૦ વધારાની બસો

અમદાવાદ

દિવાળીના પર્વ પર સુરતમાં રહેતા સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના લોકો મોટી સંખ્યામાં પોતાના ગામ-શહેર જતા હોય છે. તેમને મુસાફરીમાં મુશ્કેલી ન પડે તે માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન ચોથી નવેમ્બરથી નવમી નવેમ્બર સુધી કરવામાં આવશે. મુસાફરો અગાઉથી સીટ બુક કરાવી શકશે અને ગ્રુપમાં જતા લોકો માટે ગ્રુપ બુકિંગની પણ સગવડ રાખવામાં આવી છે.

નિગમના આયોજન મુજબ સૌથી વધુ બસો સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરો તરફ દોડાવાશે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતનાં શહેરો માટે પણ વધારાની બસો મૂકવામાં આવી છે. મુસાફરોને નિર્ધારિત બસ સ્ટેશન અને પિકઅપ પોઈન્ટ પરથી બસ મળશે.

સુરત વિભાગના અધિકારીની માહિતી પ્રમાણે, સૌરાષ્ટ્ર તરફની બસો ધામડકા હાઈવે અને વરાછા રોડ પરના મેદાન સહિતનાં નક્કી કરેલાં સ્થળોએથી ઉપડશે. દાહોદ, ગોધરા, ઝાલોદ અને પંચમહાલ તરફ જતી બસો માટે એસટી સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સિટી સ્ટેન્ડ સહિતનાં સ્થળો રાખવામાં આવ્યાં છે. આ બસો મુખ્યત્વે સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા દરમિયાન દોડશે. સીટ મેળવવા માટે એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે, જ્યારે ગ્રુપમાં મુસાફરી કરનારા લોકો ગ્રુપ બુકિંગ પણ કરાવી શકશે.

મુસાફરો એસટી સેન્ટ્રલ, અડાજણ, ઉધના, કામરેજ અને કડોદરા સહિતનાં નિગમનાં બસ સ્ટેશનોની બુકિંગ વિન્ડો પરથી ટિકિટ લઈ શકશે. આ ઉપરાંત જીએસઆરટીસીની મોબાઈલ એપ અથવા સત્તાવાર વેબસાઈટ પરથી ઓનલાઈન બુકિંગ પણ કરી શકાશે. તહેવારમાં વતન જતા લોકોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને આ આયોજન કરાયું છે, જેથી સમયસર બસ મળી રહે અને મુસાફરીમાં પડતી મુશ્કેલી ઓછી થાય.

**જાહેર હરાજી**

**વેજલપુર પ્રાથમિક શાળામાં બિન ઉપયોગી સર સામાનની તારીખ ૧૫/૧૦/૨૦૨૬ જાહેર હરાજી**

મોજે વેજલપુર ગામ તાલુકો કાલોલ જીલ્લો પંચમહાલની કુમાર પ્રાથમિક શાળામાં બિન ઉપયોગી સર સામાનની જાહેર હરાજી કરવાની હોય તો તેમાં રસ ધરાવતા નાગરિકોએ તારીખ/૧૫/૧૦/૨૦૨૬હાજર રહેવા વિનંતી છે

સ્થળ વેજલપુર કુમાર પ્રાથમિક શાળા
તારીખ/૧૫/૧૦/૨૦૨૬ ગુરુવાર ના રોજ રાખેલ છે
સમય બપોર ૧૨.૦૦ કલાકે

લી.SMC અધ્યક્ષશ્રી તથા આચાર્યશ્રી

# સંત રવિદાસ રોહિત સમાજ મંડળ સંતરામપુરની ચાર પરગણા સંયુક્ત પંચની મળેલ બેઠકમાં સમાજ સુધારણા માટે વિવિધ ઠરાવો કરાયા





**રોહિત સમાજમાં વર્ષોથી ચાલી આવતા રિવાજોના નામે ઘર કરી ગયેલા કુરિવાજોને તિલાંજલિ આપી સામાજીક સુધારા માટે આહવાનું કરાયું.**
**રોહિત સમાજ સંયુક્ત પંચની બેઠકમાં સુતીયા,મીયોડ, છત્રી તથા બારીયા પરગણાના સભ્યોએ નવીન બંધારણને બહાલી આપી.**

સંતરામપુર,
સંત રવિદાસ રોહિત સમાજ મંડળ સંતરામપુર વર્ષ ૨૦૧૩ થી કાર્યરત છે અને આ મંડળ રોહિત સમાજના ઉત્થાન માટે કાર્યરત છે અને સમાજમાં રિવાજોના નામે ઘર કરી ગયેલ કુરિવાજોને તિલાંજલિ આપી સામાજીક પરિવર્તન લાવવા માટે પહેલ કરી રહેલ છે.ત્યારે રવિવારના રોજ સંતરામપુર ખાતે મંડળના પ્રમુખ ગનાભાઈ ભૂનેતરની અધ્યક્ષતામાં દાહોદ, મહીસાગર તથા પંચમહાલ જીલ્લા રોહિત સમાજના સુતિયા,મીયોડ,છત્રી તથા બારીયા પરગણા સંયુકત પંચની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં મોટી સંખ્યામાં રોહિત સમાજના સભ્યો હાજર રહ્યા હતા.અને નવીન બંધારણ સમાજને અનુરૂપ હોય સમાજના નેવુ ટકા સભ્યોએ સંમતિ આપી વધાવી લીધું હતું.

જાણવા મળેલ માહિતી મુજબ રોહિત સમાજની સંયુકત પંચની મળેલ બેઠકમાં સમાજ સુધારા માટે વિવિધ ઠરાવો કરવામાં આવ્યા હતા.જેમાં દીકરા દીકરીની સગાઈ સમયે વરનું ઘર જોવા માટે મોટી સંખ્યામાં સગા સંબંધીઓ જાય છે.અને બંને પક્ષે ખોટો ખર્ચ થાય છે. ત્યારે કન્યા પક્ષે વર પક્ષનું ઘરબાર જોવા માટે માત્ર ૧૧ માણસોએ જવું. જયારે સગાઈના રીતના ત્રણ પ્રકાર છે, તેમાં કંકુની કન્યા ૪૫૨ ની રીત વાળી કન્યા તથા દાપાની કન્યા. તેમાં કંકુની કન્યા રીત બાબતે વર પક્ષ તરફથી તેના સગા સંબંધી કન્યા પક્ષના ઘરે જવાનું રહેશે અને આ સગાઈ બાબતે સમાજના રીત રિવાજ મુજબ સગાઈના રૂપિયા બે રાવણાના કન્યા પક્ષ તરફથી લેવામાં આવશે, તેમજ સગાઈ પેટે થતા ખર્ચ પણ કન્યા પક્ષ તરફથી લેવાનો રહેશે સગાઈ નક્કી થયા બાદ રૂપિયા બે અને ધોતી સગાઈ માટે વેવાઈને આપવાનું રહેશે. જ્યારે ૪૫૨ રીત વાળી કન્યા બાબતે સગાઈના રૂપિયા બે રાવણા ના બંને તરફ પક્ષ તરફથી એક એક રૂપિયો લેવા અને લગ્ન વખતે ૪૫૨ છોકરીના પિતાની ઈચ્છા મુજબ વરને ભણાવી આપે તેમાં કોઈને વિરોધ કરવો નહીં અને ભણાવી આપ્યા બાદ સગાઈથી લગ્ન સુધીનો ખર્ચ કન્યા પક્ષ તેના પિતા કરવા માંગતા હોય તો કરી શકે તેવો ઠરાવ કરવામાં આવ્યો છે.

અગાઉ વર પક્ષ તરફથી કન્યા પક્ષ કન્યાના દહેજ પેટે લાખો રૂપિયા વસુલાત કરતા હતા.પરંતુ નવીન બંધારણ પ્રમાણે વર પક્ષે કન્યા પક્ષને લગ્નના ખર્ચ પેટે રૂપિયા ૨,૧૧,૦૦૦ આપવાના રહેશે. તેમજ વર પક્ષે કન્યાને નાકની સોનાની જડ, સોનાના પાંચ ગ્રામ વજનના સેલર, ચાંદીનું મંગલસૂત્ર તથા ૨૫૦ ગ્રામ ચાંદીની ઝાંઝરી વર પક્ષે કન્યા પક્ષને આપવા ઠરાવ કરવામાં આવ્યો છે. જ્યારે કન્યાદાનમાં દીકરીના પિતાએ થાળી, લોટો અને બેઢુ તથા સાસુ સાડલો આપવા જ્યારે સગા સંબંધીઓ કન્યાને દર દાગીના, વાસણ કે રોકડમાં કન્યાદાન કરશે. પ્રી વેડિંગ પ્રથા તથા રીંગ સેરેમની બંને પક્ષને શક્ય હોય તો લગ્નના દિવસે કરી શકશે. તેમજ કન્યા પક્ષ તરફથી લગ્ન અગાઉ ચાર કે પાંચ દિવસ પહેલા વરને ચાંદલા વિધિ કરવા માટે જવાનું રહેશે. ચાંદલા વિધિમાં કન્યા પક્ષ તરફથી કોઈ પણ રકમ કે કપડાં લઈ જઈ શકશે નહીં. ફક્ત કંકુની કન્યા બાબતે કન્યા પક્ષ તરફથી ફળ, એક રૂપિયો અને કંકુ લઈ જવાના રહેશે. લગનીયામાં મર્યાદિત માણસોએ જવા તેમજ ચાંદલા વિધિ બાદ સાળાને કાપડ વ્યવહાર કરવો.સાથે સગાઓમાં આવેલા માણસોનું સન્માન તરીકે રૂપિયા૨૦૦નો વ્યવહાર કરવા ઠરાવવામાં આવ્યું છે.

મામેરા પ્રથામાં ઠરાવવામાં આવ્યું છે કે,પ્રથમ મામેરા સમયે દાગીના કે રોકડ રૂપિયા તેમજ કાપડ વ્યવહાર કરી શકાશે.પરંતુ કુટુંબના સભ્યો કાપડ વ્યવહાર કરી શકશે નહીં.ફકત સાસુ સાડલો આપવા તેમજ બીજા ભાણેજના લગ્ન વખતે બેન બનેવીને કાપડ વ્યવહાર કરવો.શક્ય હોય તો રોકડ નાણા આપી શકાશે.જ્યારે વર ઝાપા ઉપર આવે ત્યારે આરતીના રૂપિયા ૫૦૦ આપવા.મહારાજને ૧૧-૧૧ રૂપિયા આપવા તેમજ મામાના ૧૦૦૦ રૂપિયા આપવા ઠરાવાયું છે. જ્યારે કન્યા પધરાવાની રીતમાં મહારાજને વર પક્ષ તરફથી રૂપિયા ૨૧૦૦ રહેશે.તે સિવાય દક્ષિણા કન્યા પક્ષ તરફથી આપવું હોય તે આપી શકશ.જ્યારે લગ્નની બેઠકમાં ૫૨ રૂપિયા તરફથી લઈ પંચનું ભાણુ ભરી ૫૨ રૂપિયાની લાહણી કરવી. તેમ જ કટારી,માંડવો,તોરણ,પથારી વિગેરેના પરચુરણ ખર્ચના રૂપિયા ૨૦૦૦ વર પક્ષ પાસેથી લેવા સિવાય અન્ય કોઈ લેવડદેવડ કરવી નહીં.જ્યારે આણાની બાબતમાં બેઠકમાં પેટી સોંપી દેવી.તેમજ અણવરમાં શક્ય હોય તો બે માણસ મોકલવા અને આણું તેડવા જવાનું થાય ત્યારે માત્ર પાંચ માણસોએ અણુ તેડી લાવવા જવા ઠરાવ કરવામાં આવ્યો છે.જ્યારે મંત પ્રથા મરજીયાત છે.જ્યારે પતિ પત્નીના વાદ વિવાદ સમયે બંને પક્ષને સાંભળી કમિટી જે નિર્ણય લેશે તે બંને પક્ષને માન્ય રહેશે.આ નિયમોનો ભંગ કરનાર સામે પંચ રાહે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.તેવો પણ ઠરાવ કરવામાં આવ્યો છે.

જ્યારે મરણોત્તર પ્રસંગમાં સ્ત્રીને પિયર પક્ષ તથા પુરૂષને સાસરી પક્ષ દ્વારા ફક્ત એક કફન લાવવાનું રહેશે. અન્યોએ કફન વતી રોકડમાં દાન કરવું,બેસણાની ક્રિયા પાંચ કે સાત દિવસે રાખવી, શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ સવારે ૧૦ થી ૧૧ કલાક સુધી પૂર્ણ કરવો,તેમજ બેસણામાં કોઈપણ પ્રકારના વાસણ કે ચીજ વસ્તુઓ આપવી નહીં,તેમજ બારમા તથા તેરમાની વિધી એક જ દિવસે રાખવી,તેમજ સાદા બારમામાં એક પથ ક્રિયા કરવી,જ્યારે પાંચ પથની ક્રિયામાં તાંબાના લોટા,તાંબાનો થાળ, કાંસાની થાળી આપવી.છાયલ પ્રથા બંધ કરવામાં આવે છે.ઉપના ત્રણ પ્રકારના દાન પૈકી કોઈપણ એક દાન આપવાનું રહેશે.દાન ક્રિયા કરવી ફરજીયાત નથી.તેરમાના દિવસે થાળી વ્યવહાર માટે સવારથી કાઉન્ટર ગોઠવી લખાવી લેવાનું રહેશે.અને થાળી વ્યવહારની યાદી પંચ રૂબરૂ વાંચવામાં આવશે.શોક વ્યવહારમાં મરનારના દીકરાઓની સાસરીમાંથી કાપડ વ્યવહાર લાવવો,કાપડ વ્યવહાર સાથે રોકડ રૂપિયા મુકવા,દાનની પ્રથા બંધ કરવામાં આવે છે.સગા સંબંધીઓ રોકડ તરીકે વ્યવહાર કરશે.જ્યારે થડાના દાનની વહેચણીમાં તીર્થયાત્રા કરેલી હોય તો ગુરૂનું દાન,ગુરૂકુળનું દાન, કંઠી ગુરૂનું દાન,પોતાના ધામોટ મહારાજનું દાન,જયારે થડાના દાનની વહેંચણીમાં સુતીયા પરગણાનું થડાનું દાન,કોટલીયા પરગણાનું થડાનું દાન,મિયોડ પરગણાનુ થડાનુ નું દાન,છત્રી સન્માનનું દાન,ધોરીયા નુ દાન અને નટનુ દાન કરી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે, મહારાજને રૂપિયા ૨૦૦ અને બાકીના આવેલા ને રૂપિયા ૧૦૦-૧૦૦ આપવા.તથા બેઠકમાં સમાજ ભંડોળ ખાતે રૂપિયા ૨૦૦૦ આપવાના રહેશે. તેમાં સાદા બારમાના ૧૦૦૦ રૂપિયા આપી નાણાંની પહોંચ મેળવી લેવા જણાવ્યું છે. તેમજ મરણ પછી તહેવાર પહેલા બેસવાની ક્રિયા મરણ જનારની દીકરી અને બહેનો આવીને બેસણું કરી લેશે. બેસણામાં કોઈપણ કાપડ વ્યવહાર કે વાસણ વ્યવહાર કરવામાં આવશે નહીં. તેરમાંની ક્રિયા બાદ પોતાની બહેન દીકરીઓ શોક વ્યવહાર બદલાવી દેશે. ઉપર મુજબના લગ્ન અને મરણ ક્રિયાઓના નિયમોનું સંયુક્ત પંચ જણાવેલ સુતીયા પરગણા મીયોડ,છત્રી, બારીયા પરગણા ઓએ ચુસ્તપણે અમલ કરવા અને કરાવવાનો રહેશે.જો કોઈ આ નિયમોનું ઉલ્લંઘન કરશે કે કરાવડાવશે તો પંચ રાહે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

# બોડેલી એસટી બસ સ્ટેન્ડમાં બસમાં ચઢતી વખતે મોબાઈલ અને પાકીટ ચોરતી કરતી ટોળકી સક્રિય

બોડેલી,
બોડેલી એસટી ડેપો સહિત વિસ્તારના અન્ય જાહેર સ્થળો પર એસટી બસમાં ચઢતી વખતે મોબાઈલ અને પાકીટ ચોરીના બનાવ ખૂબ વધ્યા છે. ત્યારે સ્ટેન્ડો પર પોલીસ પોઈન્ટ હોવા છતાં પોલીસ કર્મીઓની ગેરહાજરીથી ઉઠાવગીર ટોળકીઓને જાણે મોકળું મેદાન મળ્યું છે.

બે દિવસ અગાઉ વડોદરાથી બોડેલી આવતી એસટી બસમાં સોમા તળાવથી એક યુવક ભીડ વચ્ચે બસમાં ચઢી રહ્યો હતો. ત્યારે તેના મોબાઈલની ઉઠાંતરી થઈ હતી. તેને ખબર પડતાં જ તેની પાછળ ચઢી રહેલો લબરમૂછિયો યુવક બસમાં બેઠો. તેણે તેના ખિસ્સા તપાસ્યા. પણ મોબાઈલ મળ્યો નહીં.બસ કપુરાઈ પહોંચી ત્યારે પેલો ઉઠાવગીર યુવક બસમાંથી ઉતરવા માંગતો હતો. ત્યારે બસ કંડક્ટરનો શક પાક્કો થયો કે આ યુવકે અથવા તેના સાથીદારે મોબાઈલ ચોર્યો છે. તેને ઉતારવા દેતા ન હતા. પણ ઊભેલી બસમાંથી છટકીને ભાગી ગયો. કંડકટરે યુવકને પકડી રાખ્યો. ત્યારે યુવકનો શર્ટ હાથમાં આવી ગયો. ત્યારે જોયું કે પેન્ટના આગળના ભાગે મોબાઈલ ખોસેલો હતો. તે લઈને યુવક શર્ટ વિના ઊભી પૂછડીએ ભાગી ગયો હતો.

જાહેર સ્થળો પર આવા પીક પોકેટર્સ તકનો લાભ લઈ તફડંચી કરી રહ્યા છે. ત્યારે ઉતાવળે બસમાં ચઢનારા મુસાફરોએ પોતાનો મોબાઈલ અને પાકીટ ચીવટપૂર્વક આગળના ભાગે રાખવા જોઈએ. પોલીસ પણ આવા સ્થળો પર પોઈન્ટ મૂકે. તો આવા બનાવો અટકી શકે છે.

# મહીસાગર વનરક્ષક કર્મચારી મંડળની સામાન્ય સભા અને ચિંતન શિબિર યોજાઈ

**પડતર પ્રશ્નો અને માંગણીઓ મુદ્દે ચર્ચા; માંગણીઓ નહીં સંતોષાય તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી.**

બાલાસિનોર,
મહીસાગર વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા રાજય વનરક્ષક કર્મચારી મંડળની સૂચનાઓને અનુસરી સાતકુંડા મુકામે સામાન્ય સભા તથા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વનરક્ષક કર્મચારીઓના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

સભા દરમિયાન કર્મચારીઓની લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓના નિરાકરણ તેમજ ચાલી રહેલા આંદોલનને વધુ વેગવાન બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ આંદોલનની આગામી રણનીતિ ઘડવા અને કર્મચારીઓના હિતમાં સંગઠિત રીતે લડત આગળ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કર્મચારીઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, જો સરકાર દ્વારા તેમની માંગણીઓનો સ્વીકાર કરી યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આંદોલનને વધુ ઉગ્ર અને અસરકારક બનાવવામાં આવશે. આ માટે તમામ વનરક્ષક કર્મચારીઓને એકતા અને મક્કમતા જાળવી રાખીને આંદોલનમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી.

સાતકુંડા ખાતે યોજાયેલી આ સામાન્ય સભા અને ચિંતન શિબિરના માદયમથી કર્મચારીઓએ પોતાના હક્કો અને પડતર પ્રશ્નોના ઉકેલ માટે સંગઠિત રહી સતત લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો. હવે સરકાર દ્વારા કર્મચારીઓની માંગણીઓ અંગે કેવું વલણ અપનાવવામાં આવે છે અને પડતર પ્રશ્નોનું નિરાકરણ ક્યારે આવે છે તેના પર સૌની નજર રહેશે.

# બોડેલી ડેપોમાં બસોની અપુરતી વ્યવસ્થાને લઈ મુસાફરો પરેશાન

બોડેલી,
બોડેલી એસટી ડેપોમાં વહીવટી અવ્યવસ્થા કારણે મુસાફરોને મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદો વધી છે. નવરાત્રિમાં પાવાગઢ જતાં યાત્રિકોની ભીડ વધી છે. આ વચ્ચે બસો અનિયમિત રીતે ચાલે છે. સુરક્ષા વ્યવસ્થા નથી. પૂછપરછ કાઉન્ટર પર કર્મચારીઓ ગેરહાજર રહે છે.

મુસાફરો કહે છે કે, ડેપોમાં ઘણી વખત સીસીટીવી કેમેરા બંધ રહે છે. ખિસ્સાકાતરાનો ભય રહે છે. ચીલઝડપની ઘટના થવાનો પણ ડર રહે છે. બોડેલી આસપાસના ગામોના વિદ્યાર્થીઓ માટે મુખ્ય કેન્દ્ર છે. બસો અપૂરતી છે. સમયપત્રક અનિયમિત છે. વિદ્યાર્થીઓને સમયસર શાળા-કોલેજ પહોંચવામાં અડચણ થાય છે.

એસટી પાસ માટે પણ લાંબી કતારો લાગતી હોવાનો આક્ષેપ છે. દિવાળીમાં મુસાફરો વધવાની શક્યતા છે. ત્યારે બસો વધારવાની માગ ઉઠી છે. એક જાગૃત નાગરિકે આ મુદ્દે ગાંધીનગરમાં વાહનવ્યવહાર મંત્રી સમક્ષ રજૂઆત કરવાની માહિતી આપી છે.

# છોટાઉદેપુરમાં ભાજપ મહિલા મોરચાએ રાહુલ ગાંધી વિરૂદ્ધ નારા લગાવી વિરોધ કર્યો




છોટા ઉદેપુર,
છોટાઉદેપુર નગરના ઝંડા ચોકમાં ભાજપ મહિલા મોરચા દ્વારા ધરણા પ્રદર્શન કરાયું. આ પ્રદર્શનમાં રાહુલ ગાંધી હાય હાયના નારા લગાવીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

આ વિરોધ કોંગ્રેસના સાંસદ અને ઉંગઝના પ્રોફેસર ડો. અંગોમચા બિમોલ અકોઈજામ સામે ૧૧ વિદ્યાર્થિનીઓ દ્વારા કરાયેલા જાતીય સતામણીના ગંભીર આરોપોના સંદર્ભમાં હતો. જીલ્લા ભાજપ મહિલા મોરચાએ કોંગ્રેસ પક્ષ વિરૂદ્ધ આ પ્રદર્શન કર્યું.આ કાર્યક્રમમાં છોટાઉદેપુરના પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા અને પ્રદેશ મહિલા મોરચા કારોબારી સભ્ય લીલાબેન રાઠવા હાજર રહ્યા હતા. જીલ્લા અને નગરની ભાજપ મહિલા મોરચાની અનેક કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# બોડેલીના જાખરપુરા ખાતે રૂા.૩.૫૮ કરોડના વિકાસકાર્યોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહર્ત કરાયું



બોડેલી,
બોડેલીના જાખરપુરા ખાતે ૩ કરોડ ૫૮ લાખ ૯૪ હજાર રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અભયસિંહ તડવીના હસ્તે આ કામોનો પ્રારંભ થયો હતો.

આ વિકાસકાર્યો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ હાથ ધરવામાં આવશે. તેમાં રસ્તાના કામો સહિત અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે, જેનાથી સ્થાનિક વિસ્તારના વિકાસને વેગ મળશે.

કાર્યક્રમમાં બોડેલી નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર અને કાઉન્સિલરો હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીને ગ્રામજનોએ આવકારી હતી. સ્થાનિક નાગરિકોમાં વિકાસકાર્યોને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો, જે માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવામાં મદદ કરશે.

# કદવાલ તાલુકામાં ચૂંટણી કાર્ડ સુધારણા અને નવા કાર્ડ બનાવવાનો કેમ્પ:મામલતદાર દ્વારા વિવિધ શાળાઓમાં યોજાયો, સ્થાનિકોને મળ્યો લાભ

છોટા ઉદેપુર,
કદવાલ તાલુકામાં ચૂંટણી કાર્ડ સુધારણા અને નવા કાર્ડ બનાવવા માટે એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. મામલતદાર દ્વારા વિવિધ શાળાઓમાં બૂથ લેવલ ઓફિસર (BLOs) ને બેસાડીને આ કામગીરી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત, કદવાલ પ્રાથમિક શાળામાં સ્થાનિક ઇક્ષ્યત દ્વારા સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કામગીરી ચાલી હતી.

આ દરમિયાન, ઘણા લોકોએ નવા ચૂંટણી કાર્ડ કઢાવવા અને જૂના કાર્ડમાં સુધારા કરાવવા માટે ફોર્મ ભર્યા હતા. સ્થાનિક લોકોને આ સુવિધાનો લાભ મળ્યો હતો.

# છોટાઉદેપુરના અલસીપુરા-કોઠારા ગામનો માર્ગ બિસ્માર : વાહનચાલકોને અકસ્માતનો ભય

નસવાડી,
છોટાઉદેપુર તાલુકામાં અલસીપુરા ગામથી કોઠારા ગામને જોડતો આશરે ૪ કિ.મી.નો લાંબો માર્ગ બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાત અને મધ્યપ્રદેશ એમ બે રાજયની સરહદને જોડતા માર્ગ પરથી આસપાસના ૧૦ ગામોના લોકો અવર જવર કરે છે. તેમ છતાં માર્ગની હાલત સુધારવા માટે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી ન હોવાની ફરિયાદો ઉઠી છે. અલસીપુરાથી કોઠારા ગામ સુધીનો આ માર્ગ પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો છે. માર્ગ પર ઠેર ઠેર ખાડા પડતા અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. રાજયના મુખ્યમંત્રી દ્વારા રસ્તાઓ પર પડેલા ખાડાઓ પુરવા અને માર્ગની સ્થિતિ સુધારવા અધિકારીઓને સુચનાઓ આપી હોવા છતાં અલસીપુરા-કોઠારા માર્ગની હાલત યથાવત હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. માર્ગ પર ખાડા હોવા છતાં સંબંધિત અધિકારીઓ તપાસ કરી જરૂરી સમારકામ કરાવતા ન હોવાની ફરિયાદો સામે આવી છે. વાહનચાલકો સરકારને માર્ગ વપરાશ માટે વિવિધ પ્રકારના કર ચુકવતા હોવા છતાં તેમને સારા અને સુરક્ષિત રસ્તાની સુવિધા કેમ મળતી નથી. તેવા સવાલો ઉઠ્યા છે.

# બાલાસિનોર બજારમાં વેચાતા ખુલ્લા નોન-પેકિંગ ફરસાણ અને મીઠાઈથી લોકોના આરોગ્ય સાથે ચેડાં

બાલાસિનોર,
બાલાસિનોરના બજારમાં તહેવારો ટાંણે જ ખુલ્લેઆમ નોન-પેકિંગ ફરસાણ અને મીઠાઈનુ વેચાણ કરી વેપારીઓ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. ત્યારે વેપારીઓ સામે કાયદાકિય કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

બાલાસિનોર નગરમાં ફુડ વિભાગની રહેમ નજર હેઠળ નોન-પેકિંગ ફરસાણ તેમજ મીઠાઈનુ ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યુ હોવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે. નગરમાં અનેક દુકાનદારો અને ફેરિયાઓ દ્વારા છુટક વેચાતા ફરસાણ અને મીઠાઈ પર એમ.આર.પી.ઉત્પાદન તારીખ કે વાપરવાની અંતિમ તારીખ(એક્સપાયરી ડેટ)દર્શાવવામાં આવતી નથી. ખાદ્ય સામગ્રી કેટલા દિવસ જુની છે કે ક્યારે બની છે તેનો કોઈ ઉલ્લેખ ન હોવાથી લોકોના આરોગ્ય સામે સીધુ જોખમ ઉભું થયુ છે. ત્યારે આગામી દિવસોમાં નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા હોવાથી બજારમાં ફરસાણ, મીઠાઈનુ માંગ વધી જાય છે. આવા સમયે ફુડ વિભાગની સમયાંતરે ચકાસણી ન થવાના કારણે વેપારીઓને મોકળુ મેદાન મળી ગયુ છે. તંત્રની ઉદાસીનતાથી બિનજવાબદાર વેપારીઓ કોઈપણ ડર વગર જુની અને વાસી સામગ્રી ગ્રાહકોને પધરાવી રહ્યા છે. જે ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે ગંભીર બિમારીઓ નોતરી શકે છે. નગરજનોનો આક્ષેપ છે કે, નિયમોનુ પાલન કરાવવામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ નિષ્ફળ નીવડ્યું છે. ફુડ વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરી વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## આપની આજ.......

મેષ:આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી આજે બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે

મિથુન: ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક:આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે.

સિંહ: કામકાજ આગળ વધારવાની તક મળી શકે છે. પોતાની જવાબદારીને સમય પર પૂરી કરવાથી ફાયદો થઈ શકે છે. ખર્ચ વધવાની આશંકા જોતા બજેટનું ધ્યાન રાખવું જરૂરી છે.

કન્યા: આર્થિક મામલાને મહત્વપૂર્ણ બનાવી શકે છે. આવક અને ખર્ચ વચ્ચે સંતુલન બનાવી રાખવું પડશે. નોકરી કરનારે પોતાના કામ પર ધ્યાન આપવું જોઈએ. કોઈ નિર્ણય લેવામાં ઉતાવળ ન કરો.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે, પરંતુ નફા કરતા વધારે ખર્ચા હોવાને કારણે મુશ્કેલી રહેશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઈચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: કરિયર અને કારોબારમાં પોતાની યોજનાઓ પર કામ કરવાની તક મળી શકે છે. મહેનતનું પરિણામ મળશે. પરંતુ કોઈ નવા કામમાં પૈસા લગાવતા પહેલાં તેની તમામ માહિતી મેળવી લો.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે

### દાહોદમાં પાણીની ગંભીર સમસ્યાના મામલે કોંગ્રેસ આકરા પાણીએ

# પાણી પુરવઠા ચેરમેન વહીવટી પ્રક્રિયા અટકાવવા પોલિટિકલ પાવરનો દૂરૂપયોગ કરતા હોવાનો ગંભીર આક્ષેપ



દાહોદ,

દાહોદ જીલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં જોઈએ તેટલો વરસાદ ન થતાં નદી-નાળાઓ છલકાયા નથી. દાહોદની જનતાને પીવાનું પાણી પૂરૂં પાડતા ડેમોમાં પણ જોઈએ તેટલું પાણી ભરાયું નથી. જેને પગલે દાહોદ શહેરમાં પીવાના પાણીની સમસ્યા વધુ ગંભીર બનવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ત્યારે પાણીની સમસ્યાના યોગ્ય નિરકરણને મામલે સંયમતા ભર્યા વલણના બદલે દાહોદ નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના ચેરમેન નું આપ ખુદશાહી વલણ ગંભીર સવાલો ઊભા કરી રહ્યું છે. જેને પગલે નગરજનોમાં પણ થોડી ઘણી નારાજગીની સાથે સાથે રોષ પણ જોવા મળી રહ્યો છે. આ વખતે ચોમાસુ નિષ્ફળ જતા એક તરફ મોંઘા પશુઓ માટે ચારાની અછત સર્જાશે તેવી ભીતિ સેવાઈ રહી છે. નદી-નાળા છલકાયા નથી. ચોમાસુ પાક નિષ્ફળ જતા અને પાણીની તંગી સર્જાતા દુષ્કાળ જાહેર કરવાની પ્રબળ માંગ પણ જીલ્લામાં ઉઠવા પામી છે. ઉનાળુ પાક પણ સફળ થશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. ક્યારે દાહોદ શહેરની પીવાનું પાણી પૂરૂં પાડતા પાટાડુંગરી જળાશય તથા કડાણા ડેમમાં પણ ઓછા વરસાદને કારણે પાણીના જરૂરી જથ્થાનો સંગ્રહ પણ થઈ શક્યો નથી. જેને કારણે આવનાર દિવસોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે. આમ પણ પાણી પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા હોવા છતાં દાહોદની જનતા પાણી ની સમસ્યા મફવજ્ઞમ સ્માર્ટ સિટી બન્યું. સ્માર્ટ સિટીમાં તે દરરોજ નિયમિત સમયસર પીવાનું પાણી મળવું જોઈએ તેમ છતાં પહેલેથી જ પીવાના પાણીનો પુરવઠો પૂરો ચોથી દિવસે નગરપાલિકા દ્વારા પાડવામાં આવે છે. અને તેમાંય વળી વચ્ચે વચ્ચે પાંચ દિવસે પાણી આપવામાં આવે છે. નિયમિત વેરો ભરવા છતાં નગરજનો પાણીની આ ગંભીર સમસ્યા પૂર્વ સત્તાધીશાની અણઆવડત યા કોઈ અન્ય કારણસર વર્ષોથી વેઠતા આવ્યા છે ત્યારે પાણીની સમસ્યાના યોગ્ય નિરાકરણ માટે સંયમથી કામ લેવાના બદલે પાણી માટેનું કોઈ પણ નાનામાં નાનું કામ હશે તો પણ તેના માટે કાગળ પર લેખિતમાં આપવું પડશે તેવો મનસ્વી આદેશ આપ્યાનો ગંભીર આક્ષેપ.

દાહોદ નગર પાલીકાના મહિલા કાઉન્સિલર માસુમાબેન ગરબાડા વાલાએ મીડિયા સમક્ષ પાણીની સમસ્યા અંગેના પોતાના વક્તવ્યમાં કર્યો હતો. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જો પાણીની લાઈન તૂટી હોય લીકેજ હોય પાણી ગંદુ આવતું હોય કે પાણીને મામલે કોઈ મોટો પ્રશ્ન ઉભો થયો હોય તો લેખિતમાં આપશો તો જ કામ થશે આ મામલે કર્મચારીઓ અને અધિકારીઓના હાથ બાંધી દેવામાં આવ્યા છે અને સૂચના આપવામાં આવી છે કે, પાણી પુરવઠાના ચેરમેનને પૂછ્યા વિના પાણીનું કોઈ પણ કામ કરવામાં આવશે નહીં. આ પ્રકારના પાણી પુરવઠા ચેરમેનના વલણને કોંગ્રેસના મહિલા કાઉન્સિલર માસુમાબેન ગરબાડાવાલાએ તાનાશાહી ગણાવી છે. તેઓ પક્ષ દ્વારા બનાવેલા પાણી પુરવઠાના ચેરમેન છે,નહીં કે કોઈ સંવિધાનિક પદ પર બેઠેલા છે. પાણી પુરવઠા ચેરમેન વહીવટી પ્રક્રિયાને અટકાવવા માટે પોલિટિકલ પાવરનો દૂર ઉપયોગ કરે છે. જેથી પાણી પુરવઠા ચેરમેનને તેઓએ ગ્રાઉન્ડ લેવલ પર ઉતરીને પાણીની સમસ્યાના નિકાલ માટે ટંકાર કર્યો હતો. આ મામલે પાણી પુરવઠા ચેરમેનનો મત જાણવા અમારા પ્રતિનિધિએ ટેલીફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ તે પ્રયાસ સતત નિષ્ફળ રહ્યો હતો. ત્યારબાદ આજે શનિવારે તેઓનો ટેલિફોનિક સંપર્ક થતા અને તેઓની પૃચ્છા કરતા તેઓએ ફોન પર જવાબ આપવાનુ ટાળી રૂબરૂ મળવાનું જણાવ્યું હતું. ત્યારે પાણી પુરવઠા ચેરમેન પાણીની સમસ્યાના નિરાકરણ માટે અંગત રસ દાખવી સતત પ્રયત્નશીલ રહેશે કે નહીં તે હવે જોવું રહ્યું!!

## હોલી જોલી ગ્રુપ દ્વારા નવતર પ્રયોગ સાથે રાત્રી બિફોર નવરાત્રિ યોજાઈ

**નિયોન ગરબા' થીમ જેમાં ખેલૈયાઓએ ફલોરોસેન્ટ (Neon) કલરના આકર્ષક ડ્રેસીસ, ચમકતા ટેટૂસ અને ઝગમગતી દાંડિયાઓ સાથે ગરબાની રમઝટ બોલાવી.**



દાહોદ,

આદિવાસી અને સાંસ્કૃતિક ધરા ધરાવતા દાહોદ શહેરમાં આસો નવરાત્રિ પૂર્વે ગરબાપ્રેમીઓ માટે એક વિશેષ અને અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદના જાણીતા હોલી જોલી ગ્રુપ' દ્વારા નવતર પ્રયોગ સાથે 'રાત્રી બિફોર નવરાત્રિ' (Night Before NavAμari) કાર્યક્રમનું અદ્ભુત અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે અત્યંત સફળ રહ્યું હતું.નિયોન ગરબાની અનોખી રંગતઆ આયોજનની મુખ્ય વિશેષતા નિયોન ગરબા' થીમ રહી હતી. જેમાં ખેલૈયાઓએ ફ્લોરોસેન્ટ (Neon) કલરના આકર્ષક ડ્રેસીસ, ચમકતા ટેટૂટ્સ અને ઝગમગતી દાંડિયાઓ સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. અંધારામાં ઝગમગતા રંગો સાથે ખેલૈયાઓ મન મૂકીને ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા.નવરાત્રિ શરૂ થાય તે પહેલાં જ ગરબાના આ નવતર પ્રયોગમાં લોકોએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો. ખેલૈયાઓ માટે આ કાર્યક્રમ નવરાત્રિ પૂર્વે ગરબાની એક પરફેક્ટ નેટ પ્રેક્ટિસ' સાબિત થયો હતો, જેમાં નાચે-ગાયે સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.દાહોદના નયનરમ્ય અને જાણીતા છાબ તળાવ પરિસર ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. આ અનોખા આયોજનને જોવા અને તેમાં સહભાગી થવા માટે શહેરીજનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર પરિસર ઉત્સવમય બની ગયું હતુ હોલી જોલી ગ્રુપના આ નવતર આયોજન થકી જ્યાં એક તરફ ખેલૈયાઓમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો, તો બીજી તરફ કાર્યક્રમની ભવ્ય સફળતાથી આયોજકોના ચહેરા પર પણ ભારે ખુશી અને સંતોષ જોવા મળ્યો હતો. દાહોદવાસીઓએ આ અનોખા પ્રયોગને બિરદાવી આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## લીમખેડાના દાભડા ગામના ભુરીયા ફળિયાની ઘટના

**– ઘર આંગણે પશુ આવી જવા જેવી બાબતે બે ભાઈના પરિવારો વચ્ચે ધીંગાણુંઃ વૃદ્ધને માથાના ભાગે ઈજા.**
**– નાની બાબતે બોલાચાલી થતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો 'બે પર્તી કસ્તુબેન અને સીતાબેન.**

લીમખેડા,

લીમખેડા તાલુકાના દાભડા ગામે ઘર આગળ પશુ આવી જવા જેવી સામાન્ય બાબતે બે ભાઈઓના પરિવારો વચ્ચે થયેલા ઝઘડામાં એક પક્ષે ઉશ્કેરાઈ જઈને, લાકડી અને લોખંડની પાઈપ વડે હુમલો કરી એકવૃદ્ધને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હોવાની પોલીસ ફરિયાદ થવા પામે છે. લીમખેડાના દાભડા ગામના ભુરીયા ફળિયામાં રહેતા અને ખેતી કરતા વિજયભાઈ ઉર્ફે અક્કી મુનીયાના પિતા રમેશભાઈને તેમના જસગા ભાઈ રામસીંગભાઈ ચુનીયાભાઈ મુનીયા સાથે ઘર આંગણામાં અજાણ્યા ઢોરો આવી જતા તે બાબતે બોલાચાલી થઈ હતી. ગત તા. ૭/૧૦/૨૦૨૬ ના રોજ સાંજના સાડા

આઠેક વાગ્યાના અરસામાં રામસિંગભાઈએ તેમના ભાઈ રમેશભાઈને કહ્યું હતું કે, તમારા ઢોર મારા ઘર આગળ આવી ગયા છે, તેને તમે લઈ જાવ અને બાંધી દો. જેથી રમેશભાઈએ કહેલ કે આ ઢોરી મારા નથી મેં મારા ઢોરો બાંધી દીધેલ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને છે. આટલું કહેતા જ રામસીંગભાઈ ગાળો બોલવા લાગ્યા હતા. ગાળો બોલવાની ના પાડતા રામસીંગભાઈ લોખંડની પાઈપ લઈને દોડી આવ્યો હતો અને રમેશભાઈને માથામાં પાઈપ મારી દેતા તે નીચે પડી ગયો હતો. લોહી નીકળવા લાગ્યુ હતું આ દરમિયાન રામસીંગભાઈના દીકરી સુકમભાઈ રામસીંગભાઈ મુનીયા હાથમાં લાકડી લઈને આવ શરીરે લાકડીઓ વડે માર મારવા લાગ્યો હતો બૂમાબૂમ થતાં સુકમભાઈની પણ ત્યાં દોડી આવ્યા હતા અને તેમણે પણ ભેગા મળીને રમેશભાઈને ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી હતી. ઈજાગ્રસ્ત રમેશભાઈને તાત્કાલિક ખાનગી વાહનમાં બેસાડીને લીમખેડા સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર અર્થે દાહોદની હોસ્પિટલ ખાતે ખસેડવામાં હતા. જ્યાં તેમના ભાગે છા ગઈ હોવાથી ટાંકા લેવા પડચા હતા. વિજયભાઈ ઉર્ફે અક્કીએ લીમખેડા પોલીસ મથકે પોતાના કાકા રામસીંગભાઈ મુનીયા કાકાના દીકરા સુકમભાઈ મુનીયા તેમજ કસ્તુબેન અને સીતાબેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાની અભલોડ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેફ્ટી તાલીમ શિબિર યોજાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાની અભલોડ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ આવે અને કટોકટીના સમયે સ્વ-રક્ષણ કરી શકાય તેવા ઉદ્દેશ્યથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેફ્ટી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ શિબિરમાં જીલ્લા પ્રોજેક્ટ અધિકારી જયેશકુમાર જી. ગાડીલુહાર, જીલ્લા કક્ષાના નાયબ મામલતદાર પી. કે. કપાસિયા (પૂર શાખા) તેમજ ગરબાડાના નાયબ મામલતદાર વી. સી. ભાભોર (પૂર શાખા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ દ્વારા કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ, જેવી કે પૂર, ભૂકંપ, આગ અકસ્માત વગેરે સમયે રાખવાની સાવચેતીઓ અને સુરક્ષાના ઉપાયો વિશે વિદ્યાર્થીઓને વ્યવહારૂ અને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના કુલ ૩૯૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આપત્તિ વ્યવસ્થાપનની વિવિધ તકનીકો અંગે તાલીમ મેળવી હતી.

કાર્યક્રમના અંતે શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો અને અધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ગવર્નમેન્ટ પોલીટેકનિક,દાહોદ ખાતે ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ગવર્નમેન્ટ પોલીટેકનિક,દાહોદના વિદ્યાર્થીઓ માટે MSME ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા લોકોમાં નવો ધંધો શરૂ કરાવવા માટે જાગૃતિ લાવવાનો અને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમ યોજાયો.**



દાહોદ,

MSMEના આસિસ્ટન્ટ ડાયરેક્ટર રાજેશકુમાર , પોલીટેકનિક,દાહોદના પ્રિન્સિપાલ કે.બી.મહેતા, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર જશવંતભાઈ પરમાર, સી.ઈ.ડી ટ્રેનિંગ ઓફિસર રતનસિંગ બામણિયા, MSME ફેકલ્ટી મેમ્બર હીરાલાલ સોલંકી અને વિપુલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ધંધો શરૂ કરવા માટે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જાગૃકતા કાર્યક્રમને સફળ બનાવવા મનોજ પટેલ,ડો. સાદિક રાગડિયા અને નિશિથ રાઠોડ દ્વારા જહેમત ઉઠાવી હતી.

## મકાનના દરવાજાનું તાળું તોડી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂપિયા ૪.૮૦લાખની મત્તાની ચોરી



ઝાલોદ,

ઝાલોદ મુવાડા મંદિર ફળિયામાં રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી તે મકાનમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂપિયા ૪.૮૦ લાખની મત્તા ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ મુવાડા મંદિર ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય સુભાષચંદ્ર જગજીવનદાસ પટેલ તારીખ ૭-૧૦-૨૦૨૬ના રોજ સવારના સાડા આઠેક વાગ્યાના સુમારે પોતે પોતાના મકાનના મુખ્ય દરવાજાને તાળું મારી અમદાવાદ ખાતે ગયા હતા અને તેઓ તારીખ ૦૯-૧૦-૨૦૨૬ નારોજ પરત ઝાલોદ આવ્યા હતા, તે દરમિયાનના સમયગાળામાં ઝાલોદ મુવાડા મંદિર ફળિયા માં એ ત્રાટકેલા તસ્કરો સુભાષચંદ્ર પટેલના બંધ મકાનને નિશાન બનાવી બંધ મકાનના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરની તિજોરી તોડી તિજોરીમાં મુકેલ રૂપિયા ૩.૯૦ લાખની કિંમતના સોના-ચાંદીના તે દાગીના તથા રૂપિયા ૯૦ હજારની રોકડ મળી રૂપિયા ૪,૮૦,૦૦૦/-વા ની મત્તા ચોરીને લઈ ગયા હતા. સુભાષચંદ્ર પટેલ તારીખ૯-૧૦-૨૦૨૬ ના રોજ પરત ઘરે આવ્યા ત્યારે તેમના ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલા હાલતમાં જોવા મળતાં તેઓને પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાઈ આવતા પોતે ઘરમાં જઈ જોતા તિજોરીમાં મુકેલ કપડા-લત્તા તેમજ અન્ય ચીજ વસ્તુઓ વેરવિખેર હાલતમાં જોવા મળી હતી અને તિજોરીના લોકરમાં મુકેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડ જોવા ન મળે તેઓને ઘરમાં ચોરી થઈ હોવાની ખાતરી થઈ જતા તેઓએ આ સંબંધે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઝાલોદ પોલીસે આ સંદર્ભે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોર્ડ તથા એફ.એસ.એલની મદદ માગી આગળ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## રૂપાખેડામાં યશોધરા વિદ્યાલયના નવા શૈક્ષણિક ભવનનું ભવ્ય ઉદ્દઘાટન

**ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાની આગેવાનીમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ ઉદ્દઘાટન સમારોહ યોજાયો : કૃષિ મંત્રી રમેશ કટારા અને સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ઉદ્દઘાટન.**



ઝાલોદ,

સહયોગ વિવિધલક્ષી વિકાસ ટ્રસ્ટ, દાહોદ સંચાલિત યશોધરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, રૂપાખેડા ખાતે નવા શૈક્ષણિક ભવનનું ભવ્ય ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી રમેશભાઈ કટારા તથા દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ એસ. ભાભોરના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ એસ. ભૂરીયાની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું.

ઉદ્દઘાટન પ્રસંગે સૌપ્રથમ ૧૫૧ બાળિકાઓ દ્વારા આમંત્રિત મહેમાનોનું તિલક કરી ભારતીય પરંપરા મુજબ ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઢોલ-નગારાના તાલે મહેમાનોને વાજતે-ગાજતે નવા શૈક્ષણિક ભવનના ઉદ્દઘાટન સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાની આગેવાનીમા ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ પરંપરા અનુસાર પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ કૃષિ મંત્રી રમેશભાઈ કટારા અને સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ઉદ્દઘાટન તકતીનું અનાવરણ તેમજ રિબન કાપી નવા શૈક્ષણિક ભવનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

ઉદ્દઘાટન બાદ યોજાયેલા સમારોહમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થના તથા સ્વાગતવિધિ સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સુંદર રજૂઆત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આધુનિક સુવિધાઓથી સજ્જ બન્યું શૈક્ષણિક સંકુલ : સરસ્વતીના ધામ સમાન આ શૈક્ષણિક સંકુલમાં અંદાજે ૬ મોટા વર્ગખંડો, આધુનિક કમ્પ્યુટર તાલીમ તેમજ ટેકનોલોજીના ઉપયોગ સાથે શૈક્ષણિક સુવિધાઓ વિકસાવવામાં આવી છે. નવા ભવનના કારણે રૂપાખેડા સહિત આસપાસના વિસ્તારના સ્થાનિક વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાં વધુ સુવિધા અને લાભ મળશે.સમારોહમાં ઉપસ્થિત મહેમાનોએ નવા શૈક્ષણિક સંકુલની સુવિધાઓની સરાહના કરી હતી અને સ્થાનિક વિદ્યાર્થીઓ તથા વાલીઓને આ આધુનિક શૈક્ષણિક સંકુલનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાની વિશેષતા છે કે તેઓ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક રીત-રિવાજોને પ્રાધાન્ય આપતા તેઓ દરેક શુભ કાર્યમાં ભારતીય પરંપરા મુજબની વિધિને અનુસરતા હોવાનું પણ આ પ્રસંગે જોવા મળ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન એ. મોહનિયા, દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ઈંડજ, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ બી. કિશોરી, મહામંડલેશ્વર જગદીશદાસ મહંત, જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોઢ IAS, ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ આર. ભાભોર, દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ વિજયકુમાર ધરીયા સહિત ભાજપ સંગઠનના અગ્રણીઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ, તાલુકા સભ્યો, સરપંચો, શિક્ષકો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના રાજપૂત સમાજ દ્વારા આજના ઐતિહાસિક દિવસે

**– મેવાડના મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય પ્રતિમા જૂની નગરપાલિકા ચોકમાં મૂકવામાં આવી.**
**– આ ઐતિહાસિક પ્રસંગને વાચા આપવા રાજપુત સમાજ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરાયું.**



દાહોદ,

આસો સુદ એકમ એટલે કે નવલી નવરાત્રીના પ્રારંભે આદ્યશક્તિ અંબામય માહોલમાં જેનું વિજયા દશમીના પાવન દિવસે અનાવરણ કરવામાં આવનાર છે તેવી મેવાડના સિંહ કહેવાતા શૂરવીર મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિરાટ પ્રતિમા તેના માટે અલાયદા બનાવવામાં આવેલ ઊંચા સ્ટ્રક્ચર પર મુકવામાં આવી હતી. આ પ્રસંગે રાજપૂત સમાજના અગ્રણીઓ સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા નવલી નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે આસો સુદ એકમના રોજ મેવાડના રાજા મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિઘટ પ્રતિભા જૂની નગરપાલિકા ચોકમાં મૂકવાની હોઈ, આ ઐતિહાસિક પ્રસંગને વાચા આપવા રાજપુત સમાજ દ્વારા અવનતિકા રિસોર્ટ ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદના સમાપન બાદ ડીજે સાથે મેવાડના મહારાણા પ્રતાપની આવરણ સાથેની ભવ્ય અને વિરાટ પ્રતિમાને દાહોદ જુની નગરપાલિકા ચોક ખાતે વાજતે ગાજતે લાવવા માટે એક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે યાત્રા મેવાડના મહારાણા પ્રતાપની વીરગાથાના જયકારા સાથે ઈન્ડોર- અમદાવાદ હાઈવે પર આવેલ અવનતિકા રિસોર્ટ ખાતેથી નીકળી હતી જે દહોદના જુના ઈન્દોર રોડ, પડાવ સરદાર ચોક, બહારપુરા, અનાજ માર્કેટ ગેટ નંબર-૧ તથા બે પર થઈ દરજી સોસાયટી, આશીર્વાદ ચોક, ઠક્કરબાપા ચોકડી, આંબેડકર ચોકડી થઈ સરકારી વિશ્રામ ગૃહ, સરસ્વતી સર્કલ, ભગિની સમાજ થઈ માલેકચંદ ચોક, પોસ્ટ ઓફિસ થઈ ડીજેના તાલે વાજતે ગાજતે જૂની નગરપાલિકા ચોક ખાતે પહોંચતી હતી. જ્યાં વિરાટ પ્રતિમાને મૂકવા માટે બનાવેલ સિમેન્ટના એક ઉચા સ્ટ્રક્ચર પરથી આવરણ સાથેની મહારાણા પ્રતાપની ભવ્ય અને વિરાટ પ્રતિમાને શાસ્ત્રોક્તવિધિ મુજબ પૂજા અર્ચના કરી ક્રનની મદદથી મૂકવામાં આવી હતી આ ઐતિહાસિક પ્રસંગે રાજપૂત સમાજના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહી આ ઐતિહાસિક પળને ભવ્ય બનાવી હતી. અને આ પ્રતિમાનું અનાવરણ વિજયાદશમીના પાવન દિને શુભ મુહુર્તમાં કરવામાં આવનાર છે. વિજયાદશમીના આ ઐતિહાસિક દિવસે આ ચોકનું નામ જૂની નગરપાલિકા ચોક બદલીને મહારાણા પ્રતાપ ચોક રાખવામાં આવે તેવો લોકમત પ્રવર્તી રહ્યો છે.

## સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ ખાતે રિસર્ચ પેપર રાઈટિંગ સેશન યોજાયું

દાહોદ,

સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ ખાતે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન (EC) વિભાગના સેમેસ્ટર ૧, ૩, ૫ અને ૭ના વિદ્યાર્થીઓ માટે રિસર્ચ પેપર રાઈટિંગ અંગે માર્ગદર્શન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચિ કેળવવા તથા તેમને સંશોધન લેખનની પદ્ધતિથી પરિચિત કરાવવાનો હતો.

આ કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા તરીકે સરકારી ઈજનેરી કોલેજ, દાહોદના સહાયક પ્રાધ્યાપક ડો. ઈશાક શેખ એ વિદ્યાર્થીઓને રિસર્ચ પેપરનું માળખું, વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત પદ્ધતિથી સંશોધન લેખન, સંશોધનનાં તારણોની રજૂઆત તથા ગુણવત્તાસભર રિસર્ચ પેપર તૈયાર કરવાની પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે સંશોધનનું શૈક્ષણિક અને વ્યાવસાયિક ક્ષેત્રે રહેલું મહત્ત્વ સમજાવતાં વિદ્યાર્થીઓને નવીન વિચારો પર કાર્ય કરવા, વિશ્લેષણાત્મક ક્ષમતા વિકસાવવા અને સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે સંશોધન પેપરને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સંશોધનક્ષમતા વિકસાવવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ ગણાવ્યું હતું.

આ પ્રસંગે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન (EC) વિભાગના વડા ડો. બી.એમ. પરમારએ સંશોધનનું મહત્ત્વ સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સંશોધન પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક અભિગમ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને ટેકનિકલ લેખન કૌશલ્ય વિકસાવવાની દિશામાં આ કાર્યક્રમ ઉપયોગી સાબિત થયો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.45

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરામાં ભાજપ મહિલા મોરચાએ કોંગ્રેસ સાંસદ દ્વારા જે.એન.યુ. વિદ્યાર્થીઓની સાથે ગેરવર્તણૂંકના આક્ષેપ સાથે વિરોધ કર્યો

ગોધરા,

ગોધરામાં JNU વિદ્યાર્થિનીઓ સાથે કોંગ્રેસ સાંસદ બિમલ આકોઈજામ દ્વારા કથિત ગેરવર્તણૂકના આક્ષેપ બાદ ભાજપ મહિલા મોરચાએ વિરોધ નોંધાવ્યો છે. પંચમહાલ ભાજપ મહિલા મોરચાની કાર્યકરો વિશ્વકર્મા ચોક ખાતે એકત્ર થઈ કોંગ્રેસ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

વિરોધમાં ભાજપ મહિલા મોરચાના આગેવાનોએ કોંગ્રેસની ટીકા કરી હતી. તેમનો આક્ષેપ હતો કે, કોંગ્રેસ મહિલા સન્માનની વાતો કરે છે, પણ તેના સાંસદ સામે જ વિદ્યાર્થિનીઓ સાથે ગેરવર્તણૂકના આક્ષેપો છે. કોંગ્રેસે આ મામલે વલણ સ્પષ્ટ કરવું જોઈએ તેવી માંગ કરાઈ છે.

પંચમહાલ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શેફાલી ઉપાધ્યાયે જણાવ્યું કે, JNUમાં વિદ્યાર્થિનીઓ સાથે થયેલી કથિત ગેરવર્તણૂકના વિરોધમાં આ કાર્યક્રમ યોજાયો હતો. તેમણે કોંગ્રેસને જવાબ આપવા અને મહિલાઓ–વિદ્યાર્થિનીઓની માફી માંગવાની માંગ કરી. કાર્યકરોએ નારા લગાવી રોષ



વ્યક્ત કર્યો હતો, કાર્યવાહીની માંગ પણ ઉઠાવાઈ હતી. આ વિરોધથી ગોધરામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો.

## પંચમહાલ કોંગ્રેસ સમિતિ દ્વારા લોકતંત્ર બચાવો અભિયાન હેઠળ પદયાત્રા યોજી



ગોધરા,

પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિએ લોકતંત્ર બચાવો અભિયાન હેઠળ પદયાત્રા યોજી હતી. આ પદયાત્રા ગોધરામાં કાઢવામાં આવી હતી.

દેશમાં ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા સામે ઉભા થયેલા સવાલોના વિરોધમાં આ પદયાત્રા કરાઈ હતી. કોંગ્રેસે લોકશાહી સંસ્થાઓની જવાબદારી અને પુખ્ત મતાધિકારના અધિકારની પવિત્રતા જાળવવાની માંગ કરી હતી.પદયાત્રા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી શરૂ થઈ હતી. તે બાબા ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમા પાસેથી પસાર થઈ હતી અને અંતે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે સમાપ્ત થઈ હતી. આ કાર્યક્રમમાં પંચમહાલ જીલ્લા, શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો, હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો પણ હાજર રહ્યા હતા.

## ગોધરા એસ.પી. કચેરી સામે સ્થાપિત મહાત્મા ગાંધીજીની પ્રતિમા પરથી ચશ્મા ગાયબ



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં એસપી કચેરી સામે સ્થાપિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમા પરથી ચશ્મા ગાયબ થઈ ગયા છે. ૨ ઓક્ટોબરના રોજ ગાંધી જયંતિએ અનાવરણ કરાયેલી આ પ્રતિમાના લોકાર્પણના ૧૦ દિવસમાં જ આ ઘટના બની.

આજે યોજાયેલી પદયાત્રા દરમિયાન કોંગ્રેસના આગેવાનોનું ધ્યાન આ બાબત તરફ ગયું. એસપી કચેરી જેવા મહત્વના સ્થળ સામે બનેલી આ ઘટનાથી કોંગ્રેસમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અનસ અંધીએ આ ઘટનાની યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે કૃત્ય કરનાર વ્યક્તિઓની તાત્કાલિક તપાસ કરવા જણાવ્યું.

ગાંધીજીની પ્રતિમા પરથી ચશ્મા ગાયબ થવાની આ ઘટના બાદ પોલીસ તંત્ર શું કાર્યવાહી કરે છે, તેના પર સૌની નજર રહેશે.

# પાવાગઢ શકિતપીઠ ખાતે બીજા નોરતે માતાજીના દર્શન માટે માંઈ ભકતોનો ભારે ઘસારો

હાલોલ,

પંચમહાલ જીલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રિના બીજા નોરતે પણ માં મહાકાળીનાં દર્શન માટે માઈભક્તોનો મહાસાગર ઉમટયો હતો. વહેલી સવારથી જ ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન કરવા માટે પાવાગઢ પહોંચ્યા હતા. ભક્તોની ભારે ભીડને કારણે સમગ્ર યાત્રાધામમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તળેટીથી માંચી સુધી શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળતાં પાવાગઢમાં જાણે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હોય તેવાં દ્રશ્યો સર્જાયાં હતાં.



તળેટીથી માંચી સુધી ભક્તોની લાંબી કતારો નવરાત્રિના બીજા નોરતે માં મહાકાળીનાં દર્શન માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. માતાજીના મંદિર તરફ શ્રદ્ધાળુઓનો સતત પ્રવાહ જારી રહ્યો હતો. નાના બાળકોથી લઈને વડીલો સુધીના ભક્તો માતાજીનાં દર્શન કરવા માટે ઉમંગભેર આગળ વધી રહ્યા હતા. લાંબી કતારો વચ્ચે પણ શ્રદ્ધાળુઓમાં માતાજીનાં દર્શન કરીને આશીર્વાદ મેળવવાની અખૂટ શ્રદ્ધા જોવા મળી હતી.

જય મહાકાળીના નાદથી ગુંજી ઊઠ્યું પાવાગઢ ધામ નવરાત્રિના પવિત્ર પર્વ દરમિયાન શકિતની ઉપાસનાનું વિશેષ મહત્ત્વ હોવાથી પાવાગઢમાં ભક્તોની અવરજવર સતત વધી રહી છે. સમગ્ર યાત્રાધામ જય મહાકાળીના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. ભક્તોના મુખે માતાજીના જયકારા અને વાતાવરણમાં છવાયેલા ભકિતભાવથી પાવાગઢ ધામમાં આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો.

માં મહાકાળી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનો અનોખો સંગમ નવરાત્રિના બીજા નોરતે પાવાગઢમાં ઉમટેલી ભક્તોની ભારે ભીડ મા મહાકાળી પ્રત્યેની લોકોની અતૂટ શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક બની હતી. દૂરદૂરથી આવેલા શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા હતા. ભક્તિ, ઉત્સાહ અને આધ્યાત્મિકતાના અનોખા સંગમ વચ્ચે પાવાગઢ યાત્રાધામમાં નવરાત્રિનો પાવન માહોલ છવાયો હતો.

# ગોધરાની ગોંદરા ગુજરાતી મિશ્ર પ્રા. શાળામાં નવા બે ઓરડાનું ખાતમુહૂર્ત કરાયું

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરના વોર્ડ નંબર ૯માં આવેલી ગોંદરા ગુજરાતી મિશ્ર પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સુવિધાઓમાં વધારો કરવા માટે અંદાજીત રૂ.૬૦ લાખના ખર્ચે બે નવા વર્ગખંડો સહિત અન્ય વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે. આ વિકાસકાર્યોના ભાગરૂપે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગોધરા એપીએમસીના ચેરમેન માલવદીપસિંહ રાઉલજી સહિતના આગેવાનો, પદાધિકારીઓ, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ છ ઓરડાનું લોકાર્પણ કરાયું હતું ગોંદરા વિસ્તારમાં આવેલી આ શાળામાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન છ ઓરડાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળામાં વધુ શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવા માટે સ્થાનિક સ્તરે રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને પગલે સરકારે અંદાજીત રૂ.૬૦ લાખના ખર્ચે બે નવા વર્ગખંડો સહિત અન્ય વિકાસકાર્યોને મંજૂરી આપી છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

શાળામાં નવા બે ઓરડાથી સુવિધા વધશે શાળાનાં આચાર્ય નેમિષા પટેલે જણાવ્યું હતું કે, હાલમાં શાળામાં છ ઓરડા છે અને હવે નવા બે ઓરડા બનાવવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. વિકાસકાર્યો પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ સારી સુવિધાઓ મળશે, જેના કારણે શૈક્ષણિક કામગીરીમાં પણ સરળતા રહેશે.

શાળાને માધ્યમિકનો દરજ્જો અપાવવા પ્રયાસ કરાશે નગરપાલિકાના સભ્ય ચાકુબભાઈ



બક્કર તબેલીએ જણાવ્યું હતું કે, સતત રજૂઆતો બાદ શાળામાં નવા વર્ગખંડો મંજૂર થયા છે. આગામી સમયમાં ગોંદરા ગુજરાતી મિશ્ર પ્રાથમિક શાળાને માધ્યમિક શાળાનો દરજ્જો મળે તે માટે પણ સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

કાર્યક્રમમાં અગ્રણીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા ખાતમુહૂર્ત કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ, પંચમહાલ જીલ્લા શિક્ષણ અધિકારી કિરીટ પટેલ, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન, નગરપાલિકાના સભ્યો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંદાજીત રૂ.૬૦ લાખના ખર્ચે થનારા વિકાસકાર્યોથી શાળાની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે. સાથે જ ભવિષ્યમાં શાળાને માધ્યમિક કક્ષાએ અપગ્રેડ કરવાની દિશામાં પણ સ્થાનિક આગેવાનો અને વાલીઓએ આશા વ્યક્ત કરી છે.

# કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર મહાકાળી યુવક ગરબા મહોત્સવનો ભવ્ય પ્રારંભ

### પ્રથમ નોરતે ભક્તિમય મહાઆરતી બાદ નાની બાળાઓએ ભરતનાટ્યમથી મન મોહ્યા.

કાલોલ,

આદ્યાશક્તિ જગદંબાની આરાધનાના મહાપર્વ નવરાત્રિના પાવન પ્રારંભ સાથે જ સમગ્ર કાલોલ પંથકમાં ભારે ઉત્સાહ અને ભક્તિમય માહોલ સર્જાયો છે. કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન રોડ ઉપર આવેલા કાછીયાની વાડી ખાતે મહાકાળી યુવક ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં નવરાત્રિના પ્રથમ નોરતે જ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

સોંકડો દીવડાઓની જ્યોત સાથે યોજાઈ નયનરમ્ય મહાઆરતી : પ્રથમ નોરતાની પાવન રાત્રે સોસાયટીના રહીશો તેમજ આસપાસના વિસ્તારના માઈભક્તો દ્વારા વિશિષ્ટ ભકિતભાવ સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. માતાજીની ભક્તિમાં લીન થઈને એકસાથે સોંકડો દીવડાઓની જ્યોત પ્રજ્વલિત કરાતાં અત્યંત નયનરમ્ય અને મનમોહક દ્રશ્યો સર્જાયા હતા. ગરબા મંડળના આયોજકો અને સ્થાનિકોની મોટી હાજરીમાં માતાજીના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભકિતરસમાં સરોબોર થઈ ગયું હતું.મહાઆરતી અને ભક્તિમય માહોલ વચ્ચે ગરબા મહોત્સવના સ્ટેજ પર સોનાબેન જીથ નાયરના માર્ગદર્શન હેઠળ ચાલતા



ભરતનાટ્યમ કલાસીસની નાની બાળાઓ દ્વારા શાસ્ત્રીય નૃત્યની અદભુત કૃતિ રજૂ કરવામાં આવી હતી. દીકરીઓએ પોતાની કલાના જોહર દેખાડી ઉપસ્થિત સૌ કોઈ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. પ્રેક્ષકોએ પણ તાળીઓના ગડગડાટ સાથે બાળાઓનો ઉત્સાહ વધાર્યો હતો. બાળાઓની આ પ્રતિભા અને કલા પ્રત્યેના સમર્પણને બિરદાવતા મહાકાળી યુવક ગરબા મહોત્સવના આયોજકો દ્વારા તમામ બાળ નૃત્યાંગનાઓને પ્રોત્સાહિત કરી વિશેષ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવી હતી. આરતી અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ બાદ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી રાસ–ગરબાની મોજ માણી હતી.

## કાલોલના વેજલપુર ખાતે પત્રકારોની અગત્યની બેઠક યોજાઈ

### પત્રકારોના પ્રશ્નો અને સંગઠનની એકતા અંગે વિસ્તૃત ચર્ચા.



કાલોલ,

કાલોલ તાલુકા અંતર્ગત આવતા વેજલપુર ગામના કાંકણ ફળિયા સ્થિત રમણ સૂર્યા હોલ ખાતે તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સ્થાનિક તેમજ તાલુકા કક્ષાના પત્રકારોની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન ક્ષેત્રિય સ્તરે કામ કરતા પત્રકારોને ફિલ્ડ રિપોર્ટિંગ દરમિયાન પડતી વિવિધ વ્યાવહારિક મુશ્કેલીઓ, સુરક્ષા અને અન્ય પડકારો અંગે ઊંડાણપૂર્વક વિચાર–વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત પત્રકારોએ પોતાની સમસ્યાઓની નિખાલસપણે રજૂઆત કરી હતી.પત્રકારોની સમસ્યાઓનું કાયમી અને યોગ્ય નિરાકરણ આવે તે માટે તંત્રના જવાબદાર વહીવટી અને પોલીસ અધિકારીઓને લેખિતમાં આવેદનપત્ર તથા વિસ્તૃત રજૂઆત કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. સાથે જ, સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે વહીવટી તંત્ર સાથે યોગ્ય સંકલન જાળવવા અંગે પણ જરૂરી સૂચનો મૂકવામાં આવ્યા હતા. આ સમગ્ર બેઠકનો મુખ્ય ઉદ્દેશ વેજલપુર અને સમગ્ર પંથકના તમામ પત્રકારો પરસ્પર ભેદભાવ ભૂલી એક મંચ પર આવે અને ''એક અને નેક'' બનીને પત્રકારત્વના મૂલ્યોનું જતન કરે તેવો રહ્યો હતો. ચોથી જાગીર ગણાતા મીડિયા કર્મીઓની એકતા જળવાઈ રહે અને લોકહિતના કાર્યોને મજબૂત અવાજ મળે તે માટે ઉપસ્થિત સૌ પત્રકારોએ એક થઈને કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

## ગોધરાના કોટડા ગામેથી ખેતરમાં સંતાડી રાખેલ રૂ.૪.૮૫ લાખના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કોટડા ગામે આવેલા માલીવાડ ફળિયામાં સ્ટેટ મોનીટરીંગ સેલે રેઈડ દરમિયાન આરોપીના રહેણાંક મકાન અને તેના કબ્જાના ખેતરમાં સંતાડી રાખેલા વિદેશી દારૂ તથા બિયરના કુલ ૨,૧૧૮ નંગ મળી આવ્યા હતા. પોલીસે દારૂ સહિત કુલ રૂ.૬,૩૧,૮૦૦/–નો મુદ્દામાલ કબ્જે કરીને એક આરોપીની ધરપકડ કરી હતી. જયારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે કોટડા ગામના માલીવાડ ફળિયામાં દરોડો પાડયો હતો. આ દરમિયાન અમરસિંહ નાનુભાઈ માલીવાડના રહેણાંક મકાન તેમજ તેના કબ્જાના ખેતરમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના ટીમ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલ દારૂની કિ.રૂ.૪,૮૮,૭૦૦/– હોવાનુ નોંધાયુ છે. આ ઉપરાંત દારૂના વેચાણના રોકડા રૂ.૨,૬૦૦/–, બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૫૦૦/– અને દારૂની પેટીઓની હેરાફેરી તેમજ હોમ ડીલીવરી માટે ઉપયોગમાં લેવાયેલ બે એક્ટિવા કિ.રૂ.૧,૩૦,૦૦૦/–સાથે એક લાઈટ બિલ અને એક કયુઆર કોડ મશીન પણ જપ્ત કરાયા હતા. આમ પોલીસે કુલ રૂ.૬,૩૧,૮૦૦/–નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કેસમાં પોલીસે અમરસિંહ નાનુભાઈ માલીવાડ(રહે.માલીવાડ ફળિયુ, કોટડા, તા.ગોધરા)ની ધરપકડ કરી છે. જયારે સંતરોડના પર્વત પુનાભાઈ બારીયા(પટેલ)પર દારૂનો જથ્થો પુરો પાડવાનો આરોપ છે. આ ઉપરાંત રાજસ્થાનના અને મધ્યપ્રદેશમાંથી દારૂનો જથ્થો મોકલનાર ઈસમો સહિત અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## પરોલી ગામે પાવાગઢ પગપાળા યાત્રાળુઓ માટે શિવા કેમ્પ દ્વારા વિસામાનું આયોજન



પરોલી,

પાવાગઢ પગપાળા આવતા યાત્રા માટે શિવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દર વર્ષની જેમ પૌઆ બટાકા ચા ઠંડુ પાણી આરામ કરવા માટે તમામ સુવિધા કરવામાં આવી હતી. વિસામાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મેન આયોજક આયોજક ઈશ્વરભાઈ તથા દરેક શિવાભાઈ ભકતોના તરફથી આ શિવા કેમ્પ રાખવામાં આવ્યો હતો. તેમાં વિતરણ કરેલી વસ્તુ ૩૦૦ કિલો પૌવા બટાકા ઠંડા પાણીના જગ ૧૫૦ ચાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી તથા સેવા કેમ્પમાં યાત્રાળુ અને તકલીફ ના પડે તેના માટે આરામ કરવાની પણ તમામ સુવિધા રાખવામાં આવી હતી યાત્રિકોને અલગ અલગ જગા પર જઈને પણ વસ્તુની વિતરણ કરવામાં આવી હતી.

અમારું આ શિવા કેમ્પ છેલ્લા ૮/૯ વર્ષથી ચૈત્રી નવરાત્રી આસો નવરાત્રી બંને નવરાત્રીમાં આયોજન કરવામાં આવે છે. દરેક ભક્તોના સપોર્ટ થી મેન આયોજક ઈશ્વરભાઈ ગામ પરોલી આ સેવા કેમ્પ પાવાગઢ રાખવામાં આવ્યો હતો. નવરાત્રી પેલા નોરતે''મેન આયોજક ઈશ્વરભાઈ ગામ પરોલી''.

## કાલોલ કોર્ટનો મોટો ચુકાદો: ચેક બાઉન્સ કેસમાં આરોપીને ૧ વર્ષની સજા અને ૨ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ

કાલોલ,

કાલોલની એડિશનલ ચીફ જુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળના ચેક બાઉન્સના એક કેસમાં આરોપી પઠાણ શાહરૂખખાન અજીજખાનને દોષિત જાહેર કર્યો છે. કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ફરિયાદીને વળતર પેટે ૨ લાખ રૂપિયા (વાર્ષિક ૯% સાદા વ્યાજ સાથે) ચૂકવવાનો આદેશ આપ્યો છે.

આ કેસના ફરિયાદી શ્રેયસ શાહ ઉંમર ૪૧ વર્ષ, રહે. કાલોલ અને આરોપી શાહરૂખખાન પઠાણ રે કસ્બા વિસ્તાર કાલોલ વચ્ચે પરિચય હતો.ડિસેમ્બર ૨૦૨૩માં લોનની ચૂકવણી માટે આરોપીને પૈસાની જરૂર હોવાથી ફરિયાદીએ તેને આંશિક રીતે કુલ ૧,૦૦,૦૦૦ રૂપિયાની સહાય કરી હતી. જેના બદલામાં આરોપીએ ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧,૦૦,૦૦૦ રૂપિયાનો ચેક નંબર ૦૦૦૦૧૦ આપ્યો હતો. જે ચેક ફરિયાદી દ્વારા બેંકમાં રજૂ કરવામાં આવેલો આ ચેક અપુરતા ભંડોળ અને ''આરોપીની સહી બેંકના રેકોર્ડ સાથે મેચ ન થવા'' ના કારણે પરત ફર્યો હતો.ચેક બાઉન્સ થયા બાદ ફરિયાદીએ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કાનૂની ડિમાન્ડ નોટિસ મોકલી હતી, જે આરોપીને મળી ગઈ હતી છતાં તેણે કોઈ જવાબ કે રકમ ચૂકવી ન હતી.જેથી ફરિયાદી પોતાના એડવોકેટ ડી જી મુજપુરા મારફતે કાલોલ કોર્ટ માં ફરિયાદ દાખલ કરી હતી.જે કેસ ચાલી જતા કોર્ટે નોંધ લીધેલ કે આરોપી દ્વારા સ્ટેચ્યુટરી નોટિસનો કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો અને ટ્રાયલ દરમિયાન તે પોતાનો બચાવ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. ફરિયાદીના એડવોક્ડેટ ડી જી મુંજપુરા દ્વારા કરેલી ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓને ધ્યાનમાં રાખીને કાલોલના એડી ચીફ જ્યુ મેજીસ્ટ્રેટ પી એસ રૂન્ડલ દ્વારા આર્થિક અપરાધ ગણીને આરોપીને એક વર્ષ ની સજા તથા રૂ બે લાખ ના દંડ ની સજા ફટકારી છે.જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં ચૂક કરશે, તો તેણે વધારાની ૩ મહિનાની સાદી કેદ ભોગવવી પડશે.

## પંચમહાલ કલેક્ટર કચેરી ખાતે માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજ્ય માહિતી કમિશનર દ્વારા વિડીયો કોન્ફરન્સથી અધિકારીઓને આપ્યું માર્ગદર્શન

પંચમહાલ,

ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા તા. ૫ ઓક્ટોબરથી ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવાઈ રહેલા માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી અંતર્ગત પંચમહાલ કલેક્ટર કચેરી ખાતે સંકલન સમિતિના જીલ્લાના અધિકારીઓને રાજ્ય માહિતી કમિશનર વી.આર. રાવલ દ્વારા વિડીયો કોન્ફરન્સથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની ઝીણવટભરી જાણકારી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા રાજ્ય માહિતી કમિશનર વી.આર. રાવલ ઉપરાંત દાહોદ, છોટાઉદેપુર જીલ્લાના અધિકારીઓ પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

રાજ્ય માહિતી કમિશનર વી.આર. રાવલે જણાવ્યું હતું કે, અરજદારની માહિતીનો યોગ્ય અભ્યાસ કરીને તેને સમયમર્યાદામાં સંતોષકારક અને સ્પષ્ટ માહિતી પૂરી પાડવી એ જાહેર માહિતી અધિકારીની પ્રાથમિક ફરજ છે.

આ કાર્યક્રમ દરમિયાન પીપીટી પ્રેઝન્ટેશન અને બ્રોડકાસ્ટ વિડીયોના માધ્યમથી માહિતી અધિકાર અધિનિયમની વ્યાખ્યા, વિવિધ કલમો, માહિતી કયા સ્વરૂપે અને કેવી રીતે આપવી તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સાથે જ જાહેર



માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીની ફરજો અને જવાબદારીઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિકારીઓને આરટીઆઈ સંદર્ભે મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર જે.જે.પટેલ સહિત જીલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.